પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૦૭/૧૧/૨૦૨૪, ગુરૂવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એકસપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એકસપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૧ કારતક સુદ-૬ વર્ષ : ૧૫ અંક : ૨૭૩

**સુવિચાર**

પિતાની આજ્ઞા અનુસાર પુત્ર કામ કરે તો પુત્ર કેટલો વ્હાલો લાગે. પિતા પુત્રનો મનમેળ હોય તો કાર્ય કેટલું દીપી ઉઠે.

:: સૌજન્ય ::
નિલકંઠ જવેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

પથરી - પ્રોસ્ટેટ - કીડનીની તકલીફ ?
ફ્રી નિદાન કેમ્પ...
ફ્રી ઓપરેશન...
નોંધઃ હોસ્પિટલમાં સોનોગ્રાફી ફ્રિ કરી આપવામાં આવશે.
જરૂરીયાતમંદ દર્દીઓને દવાઓ ફ્રિ આપવામાં આવશે.
ડો.જય માકડીયા
યુરોલોજીસ્ટ
તારીખ : ૦૭-૧૧-૨૦૨૪,ગુરૂવાર
સમય બપોરે ૦૩:૦૦ થી ૦૫:૦૦
કીડની
Prostate Cancer
પ્રોસ્ટેટ
પથરી
નવજીવન જનરલ હોસ્પિટલ
કેરીયા રોડ, નાગરીક બેંકની બાજુમાં,અમરેલી
ફોન નં.(૦૨૭૯૨) ૨૨૨૨૨૩,મો.૯૯૭૮૨ ૨૩૦૦૦

## ધારી નજીક આવેલ આંબરડી સફારીપાર્ક બન્યુ આકર્ષણનું કેન્દ્ર


# અમરેલી જિલ્લામાં સિંહદર્શન માટે પ્રવાસીઓનો ઘસારો જોવા મળ્યો

**સફારીપાર્ક અંદાજિત ૩૬૫ એકર વિસ્તારમાં પથરાયેલ હોવાથી પ્રવાસીઓ ખૂશ**


**નાની ટેકરીઓ વાળુ જંગલ હોવાથી પ્રવાસીઓ આનંદ મેળવે છે**

**સિંહ ઉપરાંત ચિંકારા, ચિતલ, જંગલી બિલાડી, પ્રવાસી પક્ષીઓ પણ આકર્ષણનું કેન્દ્ર**

**સિંહબાળ સાથેનું સૌથી વિશાળ સ્ટેચ્યુ પણ પ્રવાસીઓને આકર્ષે છે**







અમરેલી, તા. ૬

હાલમાં દિવાળી દિવાળીના દિવસોની રજામાં સૌરાષ્ટ્ર, ગુજરાત તથા રાજસ્થાન, મધ્યપ્રદેશ આસપાસ રાજયના લોકો સૌથી વધુ સૌરાષ્ટ્રમાં વસતા સિંહોના દર્શન માટે સફારી પાર્કમાં સિંહ દર્શન કરવા માટે લોકો ખૂબ મોટી સંખ્યામાં આવી રહ્યા છે. પર્યટકો પ્રવાસીઓની દિવાળીની તથા વેકેશનમાં ભીડ જામી રહી છે. લોકો પરિવાર સાથે વેકેશનની મજા માણવા ધારી ગામ નજીક આંબરડી સફારી પાર્કમાં સિંહ દર્શન કરવા માટે ઉમટી પડયા હતાં. આંબરડી સફારી પાર્કમાં વનવિભાગ દ્વારા દિવાળીની રજાને લઈ પ્રવાસીઓ માટે ખાસ વિશેષ વ્યવસ્થાઓ કરવામાં આવી છે. ત્યારે પર્યટકો આ સફારી પાર્કના સિંહ દર્શન

અનુસંધાન પાના ૬ ઉપર

## શોભાયાત્રા, સમુહપ્રસાદ અલૌકિક દર્શન અને સંતવાણી સાથે

# અમરેલી જીલ્લામાં આવતીકાલે સંત શિરોમણી પૂ. જલારામ બાપાની ૨૨૫મી જન્મજયંતીની થશે ઉજવણી

## શોભાયાત્રામાં કળશ કન્યાઓ અને બાલ જલારામ જોડાશે

અમરેલી, તા. ૬

'જયાં અન્નનો ટુકડો ત્યાં હરિ ઢુકડો ' તેને સાર્થક કરનાર સંત શિરોમણી પૂ. જલારામબાપાની આગામી તા.૮ શુક્રવારના રોજ ૨૨૫મી જન્મ જયંતિ હોય, અમરેલી શહેર, સાવરકુંડલા, બાબરા,અ ચલાલા, ધારી, કુંકાવાવ, વડીયા, રાજુલા, ખાંભા, કોટડાપીઠા સહિત જિલ્લામાં અનેક સ્થળોએ ધામધુમ પુર્વક ઉજવણી કરવામાં આવનાર હોય, રઘુવંશી સમાજ સહિત પૂર જલારામબાપાના શિષ્ય પરિવાર દ્વારા ઉજવણીની તડામાર તૈયારીઓના ભાગરૂપે



શોભાયાત્રા, ભજન, સમૂહભોજન, જ્ઞાતિ ભોજન, સાધુભોજન જેવા ધાર્મિક કાર્યક્રમનુ આયોજન કરવામાં આવનાર છે.

અમરેલી ખાતે લોહાણા મહાજન તથા રઘુવંશી સમાજની વિવિધ સંસ્થાઓ દ્વારા અમરેલીના લાઠી રોડ ઉપર આવેલ પૂ. જલારામ મંદિર, લોહાણા મહાજન વાડી ખાતે તા. ૮ શુક્રવારના રોજ સંત શિરોમણી પૂ.જલારામ બાપાની ૨૨૫મી જન્મ જયંતિ ધામધુમ અને શ્રધ્ધાપૂર્વક ઉજવણી કરવામાં આવશે.

સંત શિરોમણી પૂ.જલારામ બાપાની ૨૨૫મી જન્મ જયંતિની ઉજવણીના ભાગરૂપે શુક્રવારના રોજ સવારે પૂ.જલારામ બાપા આરતી થશે. ત્યારબાદ આંખો દિવસ પૂ.જલારામ બાપાના દર્શન ભાવિકો માટે ખુલ્લા રહેશે. તેજ દિવસે બપોરના ચાર વાગ્યાના સમયે અમરેલીના લીલીયા રોડ ઉપર આવેલ હરીધામ ખાતેથી પૂ.જલારામ બાપાની શોભાયાત્રાનું પ્રસ્થાન થશે.

આ પૂ. જલારામ બાપાની શોભાયાત્રા ભીડભંજન ચોક, ડાટ જીવરાજ મહેતા ચોક, ટાવર ચોક, હવેલી રોડ, લાયબ્રેરી ચોક, નાગનાથ મહાદેવ મંદિર થઈ અત્રેના હરિરામ બાપા ચોક ખાતે શોભાયાત્રા સંપન્ન થશે. ત્યાંથી સૌ શિષ્ય પરિવાર અમરેલીના લાઠી રોડ ઉપર આવેલ પૂ. જલારામ મંદિર, લોહાણા મહાજન વાડી ખાતે પહોંચશે. આ શોભાયાત્રામાં શિષ્ય પરિવાર ઉપરાંત મોટી સંખ્યામાં કળશ કન્યાઓ તથા જલારામબાપાના વાઘા ધારણ કરેલાં બાલજલારામ જોડાશે. ત્યાર બાદ પૂ.જલારામ બાપાની મહાઆરતી કરવામાં આવશે. અને આરતી સંપન્ન થયાં બાદ સમૂહભોજન શરૂ થશે તેમ લોહાણા મહાજનના પ્રમુખ જીતુભાઈ ગોલાવાળાએ જણાવેલ છે.

## બાઈક પર પસાર થતાં હોય કારચાલકે હડફેટે લેતા

# બગસરાનાં મુંજીયાસરનાં જયંતીભાઈ સતાસિયાનું માર્ગ અકસ્માતમાં નિધન

અમરેલી, તા. ૬

બગસરા તાલુકા મુંજીયાસર ગામે રહેતા નિતીનભાઈ જયંતીભાઈ સતાસીયા નામનાં ૩૮ વર્ષિય ખેડુત યુવકના પિતા જયંતીભાઈનાં મોટર સાયકલનં. જી.જે.–૧૪ પી–૩૦૮૪ સાથે ફોરવ્હીલ ગાડી નં. જી.જે.–૦૧ એચ.કે. ૬૯૬૪ના ચાલકે ભટકાવી દઈ ખેડૂત યુવકના પિતા જયંતીભાઈને માથાના ભાગે ગંભીર ઈજા કરી મોત નિપજાવી દીધાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

**અમરેલી જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લિ., અમરેલી**

'ભોજલરામ ભવન', રાજ મહેલ રોડ,હેડ-ઓફિસ, અમરેલી.
ફોન નં.૦૨૭૯૨-૨૨૨૬૦૧,૨૨૧૯૩૮, ઈ-મેઈલ : ajmsbank@yahoo.co.in

**બેંકની હેડ ઓફિસ,અમરેલીની સાવરકુંડલા રોડ પરના એ.પી.એમ.સી.,અમરેલીમાં આવેલ જમીન વેચાણ કરવા માટે ટેન્ડર**

આથી રસ ધરાવનાર તમામ ઈસમોને જાણ કરવામાં આવે છે કે, આ બેંકની હેડ ઓફીસ,અમરેલીની સાવરકુંડલા રોડ પરના એ.પી. એમ.સી., અમરેલીમાં બેંકના પ્લોટ નં.-૨ સર્વે નં.૩૦/૧-૬ ની વાણીજય વપરાશની કુલ જમીન ૨૬૯૬.૩૭ ચો.મીટર પૈકી ૩૮૩.૬૩ ચો.મીટર જમીન બેંક વાહન પાર્કિંગ અને બ્લોક પેવિંગ અને બાકીની બેંકને ફાળવેલ ૨૩૧૨.૭૪ ચો.મીટર જમીન માલીકી હકકથી વેચાણ કરવા બેંકે નિર્ણય કરેલ હોવાથી સદર વર્ણનવાળી જમીન જોવા માટે બેંકની હેડ ઓફીસ, અમરેલીના શ્રી બી.એસ.કોઠીયા, જનરલ મેનેજર (સી.ઈ.ઓ.) મોબાઈલ નં.૯૮૨૫૨ ૩૫૪૭૫ નો સંપર્ક કરવાનો રહેશે. જમીન ખરીદવા રસ ધરાવતા ઈસમોએ દિન-૧૫ એટલે કે તા.૨૧/૧૧/૨૦૨૪ સુધીમાં બેંકના ઓફિસ અવર્સ દરમ્યાન ટેન્ડર બંધ કવરમાં હેડ ઓફિસ અમરેલી મુકામે અમોશ્રીને રૂબરૂ રજુ કરવા અને ટેન્ડર સાથે રૂા.૧૦૦૦૦૦/-(અંકે રૂા. એક લાખ પુરા) ડિપોઝીટ પેટે તથા પાનકાર્ડ અને આધારકાર્ડની નકલ સાથે બેંકમાં જમા કરાવવા આથી જાણ કરવામાં આવે છે અને ટેન્ડરની નકલ હેડ ઓફીસ, અમરેલીમાંથી મેળવી લેવાની રહેશે.

(બી.એસ. કોઠીયા)
જનરલ મેનેજર (સી.ઈ.ઓ.)
અ.જી.મ.સ.બેંક લિ., અમરેલી.

શું તમને સાંભળવાની તકલીફ છે ?
તો તમારે કાનના મશીનની જરૂરીયાત હોઈ શકે...
- કોઈપણ ઉંમરના વ્યકિતની બહેરાશની તપાસ
- બહેરાશ પ્રમાણે કાનના મશીનની સુવિધા
- વડીલો માટે આધુનિક મશીનો વ્યાજબી કિંમતમાં
- જર્મની, ડેન્માર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે
- જુના મશીન ઉપર EXCHANGE ઓફરની સુવિધા
- પેન્શનરો અને તેના આશ્રિતોને મશીનમાં 100% સહાય
કાનના મશીન
કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન
અવતાર
સ્પીચ અને હિયરીંગ ક્લિનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, જ્યુબીલી ધર્મશાળા પાસે, સ્ટેશન રોડ, અમરેલી.
મો. ૭૨૬૫૦ ૬૩૩૬૩ સમય : સવારે ૧૦ થી ૨, સાંજે ૫ થી ૮

Krishna
DINING HALL
ક્રિષ્ના ડાઈનીંગ હોલ
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. - ૩૬૫૬૦૧ (ગુજ.)
ફોન નં. ૦૨૭૯૨ - ૨૩૩૪૪૬
હેડ ઓફિસ : ક્રિષ્ના કેટરર્સ, કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ આર. શિંગાળા
૯૮૨૫૫ ૪૬૯૦૨

www.headway.guru
9081241916
SUVARNA SAUBHAGYA UTSAV
અરે... વાહ...
૯,૯૯૯ થી ૯૯,૯૯૯
સુધીના કરોડોના ઈનામો!
હા, સાચું વાંચ્યું.
માત્ર ₹ ૧૦,૦૦૦ ના ઘરેણાંની ખરીદી પર કરોડોના ઈનામો.
તો રાહ કોની જુવો છો, ખરીદો ઘરેણાં અને ચમકાવો નસીબ.
ઓફર ૦૭ સપ્ટેમ્બર ૨૦૨૪ થી ૨૫ ડિસેમ્બર ૨૦૨૪ સુધી જ લાગુ.
મધુવન ગોલ્ડ આર્ટ
જુની બજાર, પાણી દરવાજા રોડ, અમરેલી.
02792 - 222208, 94264 23006
madhuvangold.in

### મોઢે રૂમાલ બાંધીને રૂમમાં ઢસડીને લઈ જઈ

# અમરેલીમાં ૧૩ વર્ષની સગીરા સાથે ઢસાના પાટણા ગામનાં ઢગાએ કર્યુ દુષ્કર્મ

## તાલુકા પોલીસે નિયમાનુસારની કાર્યવાહી શરૂ કરી

અમરેલી, તા. ૬

મૂળ ઢસાના પાટણા ગામના અને હાલ અમરેલી રહેતા એક ઢગાએ એક માસુમ સગીરાને મોઢે રૂમાલ બાંધી ઘરમાં ઢસડી જઈ જાનથી મારી નાખવાની ધમકી આપી દુષ્કર્મ આચર્યાની ઘટનાથી ભારે ચકચાર મચી ગઈ હતી.

પ્રાપ્ત વિગત મુજબ મૂળ ઢસા પાસે આવેલ પાટણા ગામનો રહીશ અને હાલ અમરેલી શહેરના હનુમાન પરા રોડ ઉપર આવેલ ધરતીપાર્કમાં મકાનમાં ભાડે રહેતા કલ્પેશ ઉર્ફે કમલેશ બારોટ નામના પરણિત શખ્શે તેર વર્ષની સગીરાને મોઢા ઉપર રૂમાલ બાંધી પોતાના રૂમમાં ઢસડી જઈ દરવાજો બંધ કરી આખો પર પટ્ટી બાંધી મરજી વિરૂધ્ધ દુષ્કર્મ આચરેલ હતું અને આ વાત કોઈને કહે તો જાનથી મારી નાખવાની ધમકી આપેલ હતી જે અંગેની ફરિયાદ અમરેલી તાલુકા પોલીસમાં નોંધાતા પોલીસે તપાસ હાથ ધરેલ છે.

### કોઈપણ પ્રકારનાં લાયસન્સ વગર

# સાવરકુંડલામાંથી અગ્નિશસ્ત્ર રાખવાનાં ગુન્હામાં ર ઈસમોની અટકાયત કરાઈ

## ધવલ ઉર્ફે ભૂરો અને હાર્દિક વિરૂધ્ધ કાર્યવાહી

અમરેલી, તા. ૬

સુરત પંથકમાં રહેતા ધવલ ઉર્ફે ભુરો ગીરીશભાઈ નથવાણીએ ગેરકાયદેસર રીતે હથિયાર પરવાના કે કોઈપણ જાતના લાયસન્સ વગર દેશી બનાવટની મેગઝીન વાળી પીસ્ટલ (અગ્નિશસ્ત્ર) હથિયાર કિંમત રૂા. ૨૫,૦૦૦ ની તથા જીવતા કારતૂસ નંગ–૪ ની કિંમત રૂા. ૮૦૦ મળી કુલ રૂપિયા ૨૫,૮૦૦ના મુદ્દામાલ સાથે તા. ૫ના રોજ રાત્રે ૧૦:૪૫ વાગ્યે સાવરકુંડલા ગામે મહુવા રોડ રોડ ઉપર આવેલ મામલદાર કચેરીની પાસે, પોલીસે ઝડપી લેતાં આરોપી ધવલ ઉર્ફે ભુરો ગીરીશભાઈ નથવાણીને આ હથિયાર તેમના સુરત ખાતે રહેતા મિત્ર હાર્દિકે આપેલ હોય, બન્ને આરોપીઓ સામે પોલીસે ફરિયાદ નોંધી આગળની તપાસ હાથ ધરેલ છે.

### સોમવારે સરકારી કચેરીઓમાં ધમધમાટ શરૂ થયા બાદ

# અમરેલીમાં ''દિપોત્સવી''ની રજાનાં દિવસોમાં પુર્ણ થતાં લાભ પાંચમનાં શુભ દિવસની બજારોમાં ચહલપહલ શરૂ

## આગામી દિવસોમાં લગ્નસરાની મૌસમ પણ શરૂ થવાથી ધમધમાટ વધશે



અમરેલી, તા. ૬

અમરેલી શહેરમાં દિવાળીની રજાના દિવસો પુરા થતાં અને આજે લાભપાંચમના શુભ દિવસથી વેપાર ધંધા ધમાધમતા થતાં બજારોમાં રજાના દિવસોમાં સુમસામ ભાસતી બજારોમાં આજથી ચહલપહલ જોવા મળી રહી છે. સરકારી કચેરીઓ સોમવારથી શરૂ થઈ જવા પામી હતી.

સામાન્ય રીતે લોકો દિવાળીના દિવસોમાં છેલ્લા એક મહિના અગાઉથી જ સતત લોકો દોડધામ કરતાં હોય છે. અને ખાસ કરીને વેપારી લોકો ધંધા રોજગાર કરી ગ્રાહકોને રીઝવવા માટેનો પ્રયાસ કરી મોટો વેપાર કરતાં હોય છે. બાદમાં દિવાળીના દિવસે દુકાનોનો શણગાર કરવા ચોપડા પુજન જેવા કાર્ય કરી મોડી રાત્રી સુધી બજારોમાં હરવા ફરવા માટે થઈ જાગેલા વેપારી લોકો દિવાળી પછી લાભ પાંચમ સુધી પોતાના ધંધા રોજગાર બંધ કરી પરિવાર સાથે ફરવાના સ્થળોએ ઉપડી જતાં હોય છે. જયારે સરકારી કર્મચારીઓને પણ પાંચ દિવસની રજાનો લાભ મળતાં મોટા ભાગના સરકારી કર્મચારીઓ પણ પોતાના પરિવાર સાથે વતન તરફ દિવાળી ઉજવવા નીકળી ગયા હતાં.

ગત સોમવારથી સરકારી કચેરીઓ શરૂ થતાં સરકારી કર્મચારીઓને પોતાના વતનમાંથી પરત આવી ગયા બાદ પ્રથમ દિવસે લગભગ તમામ કચેરીઓમાં સાલમુબારકની ઉજવણી થવા પામી હતી.

આજથી અમરેલી શહેરની બજારોની દુકાનો લાભ પાંચમના મુહૂર્તમાં વેપારીઓની દુકાન ખુલી જતાં અને વેપાર ધંધા ધમાધમવા લાગતા દિવાળીની રજાના દિવસોમાં સુમસામ ભાસતી બજારોમાં આજથી ચહલપહલ જોવા મળી રહી છે. આગામી દિવસોમાં લગ્નસરાની સિઝન પણ શરૂ થનાર છે. ત્યારે વેપારીઓ દ્વારા લગ્નની સિઝનમાં જરૂરિયાત મુજબના માલસામાનનો સ્ટોક એકઠો કરવા માટે હવે તૈયારીઓ શરૂ કરવામાં આવનાર છે.

### પૌરાણિક કાળથી ચાલી આવતી પરંપરા મુજબ

# અમરેલીના સ્વામીનારાયણ મંદિર ખાતે ૧ હજારથી પણ વધુ વાનગીઓનો મહા અન્નકૂટ અર્પણ કરાયો

## મોટી સંખ્યામાં હરિભક્તોએ દર્શન કરી ધન્યતા અનુભવી



અમરેલી, તા. ૬

અમરેલીના બીએપીએસ સ્વામિનારાયણ મંદિરના પૂજય સાધુ ચરિત સ્વામીના માર્ગદર્શન હેઠળ હરિભક્તોની મહિનાઓ મહેનત, બાળ–બાલિકા, યુવક–યુવતી મંડળના અથાગ પ્રયત્નોથી બેસતા વર્ષના વહેલી સવારથી મહા અન્નકૂટના દર્શન માટે આ ભગીરથ કાર્ય સંપન્ન થયું.

અમરેલીના ગાંધીબાગ પાસે આવેલ બીએપીએસ સ્વામિનારાયણ મંદિર ખાતે નવા વર્ષના પ્રારંભ તા. ૨ના રોજ સવારે ૭થી સાંજના ૬ વાગ્યા સુધી આ મહામહા અન્નકૂટના દર્શન માટેનું આયોજન સંતોના માર્ગદર્શન નીચે હરિભક્તો દ્વારા કરવામાં આવેલ હતું.

આ અન્નકૂટના દર્શન માટે અમરેલીના સાંસદ ભરતભાઈ સુતરીયા, ધારાસભ્ય કૌશિકભાઈ વેકરીયા, અમરેલી જિલ્લાના વિવિધ ક્ષેત્રના અગ્રણી મહાનુભાવો, વિવિધ સમાજના અગ્રણી આગેવાનો, વેપારી અગ્રણીઓ, ઉદ્યોગપતિઓ, તબીબી ક્ષેત્રના જાણીતા ડોકટરઓ, વિવિધ મીડિયાના પ્રતિનિધિઓ તથા મોટી સંખ્યામાં હરિભક્તો સહિત આશરે ૧૦ હજારથી વધુ ભાવિકો આ મહા અન્નકૂટના દર્શન પધાર્યા હતા.

ગઢડા મંદિરના કોઠારી પૂજય અધ્યાત્મસ્વરૂપ સ્વામીએ ગોવર્ધન પૂજા દ્વારા આ અન્નકૂટ દર્શનનો શુભારંભ કરાવ્યો હતો. જયારે બીએપીએસ સંસ્થા દ્વારા આ મહા અન્નકૂટના પ્રસાદ છેવાડાના માનવી સુધી પહોંચે તે માટેનું આયોજન કરવામાં કર્યુ હતું. જે અંતર્ગત અન્નકૂટ દર્શન સાંજે સંપન્ન થયા બાદ ભગવાનનો આ મહાપ્રસાદ જરૂરિયાતમંદ લોકો સુધી સુવ્યવસ્થિત રીતે પહોંચાડી શકાય તે માટે અમરેલી શહેરની ૧૪ જેટલી વિવિધ સામાજિક અને સહકારી સંસ્થાઓના પ્રતિનિધિઓ દ્વારા પહોંચાડવામાં આવેલ હતી.

# પડવાના વાંકે ઉભેલ વૃક્ષને ઉતારી લો

દામનગર, તા. ૬

દામનગર શહેરમાં આવેલ સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાનાં એ.ટી.એમ.ની સામે આવેલ જાહેર મુતરડીની બાજુમાં વર્ષો જૂનું વૃક્ષ કેટલાય મહિનાઓથી મૂળ માંથી નમી ગયેલ હોય સતત અવર – જવર વાળા આ રસ્તા પરથી પસાર થતા રાહદારીઓ અને વાહન માટે જોખમી હોય, સબંધિત તંત્રએ આ વૃક્ષને નિયમોની મર્યાદામાં રહીને ઉતારી લેવામાં નહિ આવે તો, મોટો અકસ્માત થઈ શકે તેમ છે.



### એક સીએમ (કોમનમેન) માટે સુવિધા નહી અને બીજા સીએમ (મુખ્યમંત્રી) માટે તંત્ર એલર્ટ

# અરેવાહ : સાવરકુંડલાનાં હાથસણી માર્ગનાં ગાબડા મુખ્યમંત્રીનાં આગમને લઈને જ બુરવામાં આવ્યા

## સીએમને સીએમ બનાવનાર સીએમની તંત્રને કોઈ જ ચિંતા નથી

સાવરકુંડલા, તા. ૬

સાવરકુંડલા શહેરનાં હાથસણી રોડ પર આવેલ માનવ મંદિર મનોરોગી આશ્રમમાં અને શિવ દરબાર આશ્રમ (કાનાતળાવ)ની ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલે મુલાકાત લીધી. સમગ્ર રોડ પર પૂર્ણ બંદોબસ્ત સાથે ઠેર ઠેર પોલીસ તંત્ર દ્વારા મુખ્યમંત્રીને આવવા જવા કોઈ પરેશાની કે તકલીફ ન પડે એનું પૂરતું ધ્યાન વ્યવસ્થા તંત્ર દ્વારા રાખવામાં આવેલ. અરે રસ્તા પર કોઈ રખડતાં પશુઓ પણ નજર ન આવે એવી જડબેસલાક વ્યવસ્થા કરવામાં આવી હોય તેવું જોવા મળતું હતું. આમ કોઈ મોટા મંત્રી જયારે પણ કોઈ વિસ્તારની ઉડતી મુલાકાત પણ લે તો વ્યવસ્થા તંત્ર બંદોબસ્ત માટે સતત વ્યસ્ત રહે છે. વ્યવસ્થા સંદર્ભે તંત્ર ઊંધે માથે થતું જોવા મળે છે. આમ ગણીએ તો લોકતંત્રમાં આ જરૂરી છે કે નહિ તે બુધ્ધિજીવીઓમાં આ મુદ્દો ટોક ઓફ ધ ટાઉન બન્યો છે. આમ ઘણી વખત લોકોના અવાજ કરતાં દિગ્ગજ મંત્રીઓની સુવિધા અંગે તંત્ર વધુ સક્રિય રીતે વિચારતું હોય છે એવું બુધ્ધિજીવીઓ માનતાં થયા છે.

જો કે રાજાશાહી વખતે રાજયની વ્યવસ્થા અને હાલત જાણવા માટે રાજા ખુદ છૂપાવેષે પોતાના વિસ્તારની મુલાકાત લેતાં લોકતંત્રમાં એ સંભવ છે કે નહીં? એ પણ સળગતો સવાલ છે. સામાન્ય રીતે જયારે કોઈ પણ મોટા મંત્રીઓની મુલાકાત કોઈ વિસ્તારના કે કોઈ સ્થાનના હાલ હવાલ જોવા ગોઠવાતી હોય ત્યારે એ વિસ્તારની વાસ્તવિક પરિસ્થિતિનું પરિદ્રશ્ય સોટકા વાસ્તવિક હોય કે કેમ? એ બાબત પણ વિચાર માંગી લે તેવી છે. પ્રજાના પૈસે પ્રજાની સુખાકારી જ સર્વોપરી હોવી જોઈએ એવો એક મત પણ સાંપ્રત સમયમાં વહેતો થયો છે. પ્રજાજનોના પ્રતિનિધિઓ સાદગીનો પાઠ ભણે અને આ સંદર્ભ મહાત્મા ગાંધી અને સરદાર વલ્લભભાઈ પટેલના જીવનમાંથી પ્રેરણા લે એ પણ રાષ્ટ્રીય ઉત્થાન માટે જરૂરી તો છે.


ભારતમાં સૌથી સારો મેડીકલેઈમ

મેડીકલેઈમ લેતી વખતે જો તમોને

(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ

જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઈમમાં ફકત–૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.

કેશલેશની સગવડ

સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ

જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.

અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦


### સ્વચ્છતા અભિયાનમાં જનતાનો સહયોગ જરૂરી

# અમરેલીમાં જાહેર દીવાલો પર સ્વચ્છતા માટે પ્રેરિત કરતા કલાત્મક ચિત્રો કંડારાયા ત્યાં જ ગંદકી

## સીસીટીવી કેમેરાની મદદ લઈને સ્વચ્છતા જાળવવી જોઈએ



અમરેલી, તા. ૬

'સ્વચ્છતા હી સેવા' અભિયાન અંતર્ગત સમગ્ર અમરેલી જિલ્લામાં સફાઈ ઝુંબેશ હાથ ધરવામાં આવી રહી છે, આ સાથે જિલ્લાના નાગરિકો પણ સ્વચ્છતા માટે સજાગ બને તે માટે થઈને રચનાત્મક પ્રવૃત્તિ તંત્ર દ્વારા કરવામાં આવી રહી છે. ત્યારે અમરેલી શહેરની જાહેર દીવાલો પર નગરપાલિકા તંત્ર દ્વારા નાગરિકો કાયમી સ્વચ્છતા રાખવા માટે પ્રેરિત થાય તે માટે કલાત્મક ચિત્રો કંડારવામાં આવ્યા છે. લોકો જાહેર માર્ગો પરથી પસાર થાય અને તેમને માર્ગ સહિતના વિસ્તારોને સ્વચ્છ રાખવા, સફાઈ જાળવવા માટે પ્રેરિત થાય તે માટે કલાત્મક રીતે સ્વચ્છતા આગ્રહી બનવા માટે આ ચિત્રો–પેઈનટિંગ્સના માધ્યમથી સંદેશો આપવામાં આવી રહ્યો છે.

આ ચિત્રોના માધ્યમથી લોકોને પ્લાસ્ટિકનો વપરાશ ન કરવા, કચરો કચરાપેટીમાં નાખવા, જાહેર સ્થળોને સ્વચ્છ રાખવા વગેરે રચનાત્મક રીતે સંદેશ આપવામાં આવ્યો છે. આમ, સ્વચ્છતા માટે લોકજાગૃત્તિ આવે તે માટે તંત્ર દ્વારા રચનાત્મક પ્રયાસો પણ કરવામાં આવી રહ્યા છે. છતાં આવા જ ચિત્રો જયાં બનાવાયા છે ત્યાં જ હાલમાં ગંદકીના થર જોવા મળી હવે છે. જેને લઈ સ્વચ્છતા માટેના કરવામાં આવેલ પ્રયત્નો અંગે ભારે ચર્ચાસ્પદ બન્યા છે.

અમરેલી નગરપાલિકા કચેરીની કમ્પાઉન્ડ હોલ પાસે જ સ્વચ્છતાનો અભાવ જોવા મળી રહયો હોય ત્યારે આવા ભીંતચિત્રો બનવાથી કોઈ જ નક્કર પરિણામ જોવા મળતાં નથી.






### ગત વર્ષમાં મરચાની આવક સારી રહેતા

# અમરેલીનાં માર્કેટયાર્ડમાં બહારનાં મોટા વેપારીઓ દ્વારા દુકાનોની ખરીદી કરાઈ

## ચાલુ વર્ષમાં ખુબ જ મોટા પાયે મરચાની આવક થશે : શૈલેષ સંઘાણી

અમરેલી, તા. ૬

અમરેલી માર્કેટયાર્ડમાં દિવાળી પર્વની રજાઓ પૂર્ણ થતા લાભપાંચમના શુભ દિને માર્કેટયાર્ડની કામગીરી રાબેતા મુજબ શરૂ થયેલ. ખૂલતા દિવસે જ મગફળી ૯૦૦૦ મણ, સોયાબિન ૧૨૦૦ મણ, કપાસ ૮૦૦૦ મણ તથા તલ ૧૫૦૦ મણ જેટલી આવક થયેલ તેમજ લાલ સુકા મરચાની સિઝન શરૂ થતાં લાભ પાંચમની મરચાની હરરાજી શરૂ કરવામાં આવેલ. જેમાં પ્રથમ દિવસે જ ૩૦ ભારીની આવક થયેલ. આમ, રજાઓ બાદ ખૂલતા દિવસે ખૂબ જ સારી એવી આવક થયેલ તેમજ મગફળીનો ઉંચો ભાવ રૂા. ૧૨૮૦ તેમજ સરેરાશ રૂા. ૧૧૬૦, સોયાબિનનો ઉંચો ભાવ રૂા. ૮૮૫ તથા સરેરાશ ભાવ ૮૩૨, કપાસનો ઉંચો ભાવ રૂા. ૧૬૫૧ તથા સરેરાશ ભાવ ૧૫૦૬, સફેદ તલ ઉંચો ભાવ રૂા. ૨૫૯૦ તથા સરેરાશ ભાવ રૂા. ૨૪૧૫ કાળા તલ ઉંચો ભાવ રૂા. ૩૮૯૫ તથા સરેરાશ ભાવ ૩૬૩૦ જયારે લાલ સુકા મરચાનો ડીલક્ષ રૂા. ૨૮૦૦થી ૩૦૦૦, મીડીયમ બેસ્ટ રૂા. ૨૪૦૦થી રૂા. ૨૬૦૦ ફટકી લાલ કટ રૂા. ૧૦૦૦ થી રૂા. ૧૪૦૦ તથા ફટકી ચાલુ ૬૦૦થી રૂા. ૯૦૦ના ભાવે વેંચાણ થયેલ. આમ, ખુલતામાં જ સારી એવી આવક થયેલ સાથે સાથે ખેડૂતોને સારા ભાવો મળેલ તેમ માર્કેટયાર્ડના સેક્રેટરી તુષારભાઈ હપાણીએ એક અખબાર યાદીમાં જણાવેલ છે.


''અમરેલી એક્સપ્રેસ''

અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.

સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭

## રાજયનાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વિવિધ વિકાસકાર્યોનું ભૂમિપૂજન કર્યુ

# સાવરકુંડલાની જનતાને ૧૨૨ કરોડનાં વિકાસકાર્યોની ભેટ મળી

**નૂતનવર્ષ વિકાસનાં નવતર સંકલ્પો સાકાર કરવાનું વર્ષ બની રહેશે : મુખ્યમંત્રી**

**ધરતીપુત્ર સ્વ. ભગવાનબાપાની પ્રતિમાનું અનાવરણ કરવું એ મારા માટે ગૌરવની ક્ષણ**

**નાવલી નદી પર રિવરફ્રન્ટ બનાવવા રૂપિયા ૨૫ કરોડની ગ્રાન્ટ ફાળવી**

**સાંસદ રૂપાલા, ઈફકોનાં ચેરમેન સંઘાણી, સાંસદ સુતરીયા, ધારાસભ્યો પણ ઉપસ્થિત રહ્યા**



અમરેલી, તા. ૬

રાજયના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે નૂતન વર્ષના પ્રારંભે અમરેલી જિલ્લાના સાવરકુંડલા ખાતે વિવિધ વિકાસ પ્રકલ્પોની ભેટ આપી હતી. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે નૂતન વર્ષાભિનંદનની શુભેચ્છા પાઠવી જણાવ્યુ કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના અવિરત પ્રયાસના પરિણામે અયોધ્યામાં શ્રીરામ મંદિરનું નિર્માણ થયું જેના આપણે સૌ સાક્ષી બન્યા છીએ. આ દિવાળી વિશેષ છે કારણ કે, પાચસો વર્ષ બાદ ભગવાન શ્રી રામ અયોધ્યા નીજ મંદિર ખાતે બિરાજમાન થયા છે.

આ નૂતન વર્ષ એ વિકાસના નવતર સંકલ્પો સાકાર કરવાનું વર્ષ બની રહેશે તેમ ઉમેરતા મુખ્યમંત્રીએ કહ્યુ કે, દીપાવલીના પર્વ નિમિત્તે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતને વાઘબારસના પાવન તહેવારે રૂા. ૪૮૦૦ કરોડના વિકાસ કાર્યોની ભેટ આપી છે, તો આજે સાવરકુંડલા વિસ્તારને રૂા. ૧૨૨ કરોડના વિકાસ પ્રકલ્પોથી લાભાન્વિત કરવાનો મને અવસર મળ્યો છે.

તેમણે ઉમેર્યુ કે, વર્તમાન સરકારમાં કરોડોના વિકાસ કાર્યો થઈ રહ્યા છે તે સબળ નેતૃત્વનું ઉત્કૃષ્ટ ઉદાહરણ છે. પહેલાના સમયમાં નગરપાલિકાનું આખા વર્ષનું બજેટ રૂા. ૫–૧૦ લાખનું હતું. નગરપાલિકા દ્વારા રૂા. ૧૦૦ કરોડના કામોના વિકાસકાર્યોના લોકાર્પણ થઈ રહ્યા છે. સબળ નેતૃત્વ થકી પરિવર્તન લાવનારા દીર્ઘદ્રષ્ટા વડાપ્રધાન નરેન્દ્ર ભાઈ મોદીના માર્ગદર્શન હેઠળ આયોજનબધ્ધ વિકાસ કામોને સરકારમાં ત્વરિત મંજૂરી મળી રહી છે, જેના પરિણામે વિકાસ વેગવંતો બન્યો છે.

અમરેલી જિલ્લાના વિવિધ વિકાસ કામો ગુણવત્તાસભર રીતે પરિપૂર્ણ થાય તથા જિલ્લાના નાગરિકોને સુવિધામાં વધારો થાય તેવી મુખ્યમંત્રીએ શુભેચ્છા પાઠવતા ઉમેર્યુ કે, અમરેલી જિલ્લા તથા સાવરકુંડલા શહેરની રોડ કનેકિટવિટી વધે તે માટે વિવિધ રસ્તાઓના કામો થકી નગરજનોને સુવિધાસભર પરિવહનની ભેટ મળી છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ગુજરાત વિકાસની દિશામાં હરણફાળ ભરી રહ્યું છે ત્યારે આજે વિકાસના ભેખધારી તથા ખેડૂતોના હિતેચ્છુ સ્વ. ભગવાનબાપાની પ્રતિમાનું અનાવરણ કરવાની તક મળી તે બદલ હું મને ભાગ્યશાળી સમજુ છું. આ પ્રતિમા ભાવિ પેઢીને પ્રેરણા આપશે.

વડાપ્રધાનના વિકાસના મંત્રને સ્વ. ભગવાનબાપાના વ્યકિતત્વ સાથે સરખાવતાં મુખ્યમંત્રીએ જણાવ્યુ કે, સ્વ. ભગવાનબાપા પણ 'સૌનો સાથ સૌનો વિકાસ સૌનો વિસ અને સૌનો પ્રયાસ' એવી વિચારસરણી ધરાવતાં હતા જેથી તેઓએ સમૂહ ખેતીનો ઉન્નત વિચાર અમલમાં મૂકયો હતો.

રાજયમાં રોડ રસ્તા, પીવાનું અને સિંચાઈનું પૂરતું પાણી, નિયમિત વીજળી, પાકની વાવણીથી પાકની લલણી સુધી તથા પાકના વેચાણ સુધી ખેડૂતલક્ષી યોજનાઓ રાજય સરકારે અને કેન્દ્ર સરકારે અમલમાં મૂકી છે જેના કારણે ખેડૂતો આર્થિક રીતે સદ્ધર બની રહ્યા છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યુ કે, આપણા વડાપ્રધાનના વિકસિત ભારત ૨૦૪૭ને અમૃતકાળ બનાવવાનું આહવાન કર્યુ છે ત્યારે આપણે સૌ નૂતનવર્ષમાં કટિબદ્ધ થઈએ અને વિકસિત ભારતના સંકલ્પમાં સહભાગી બનીએ.

મુખ્યમંત્રીની ઉપસ્થિતિમાં સાવરકુંડલા ખાતે રૂા. ૧૨૨ કરોડના વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ સંપન્ન થયું હતું. મુખ્યમંત્રીએ સાવરકુંડલા મુકામે સાવરકુંડલા નગરપાલિકા વિસ્તારના રૂા. ૧૦૩ કરોડના વિકાસકાર્યોના ખાતમુહૂર્ત અને માર્ગ અને મકાન વિભાગ પંચાયતના ૪.૯૦ કરોડ રૂપિયાના લોકાર્પણ અને ૧૩.૪૭ કરોડના ખાતમુહૂર્ત કર્યા હતા.

આ તકે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે સાવરકુંડલા એપીએમસી ખાતે આજીવન ખેડૂતોની સેવાને વરેલા અને સમૂહ ખેતીના પ્રણેતા પૂર્વ ધારાસભ્ય સ્વ. ભગવાનબાપાની પૂર્ણ કદની પ્રતિમાનું અનાવરણ કર્યુ હતુ. પૂર્વ ધારાસભ્ય અને ધરતી પુત્ર સ્વ. ભગવાનબાપાએ આજીવન ખેડૂતની સેવા કરીને ખેડૂતોના દિલમાં સાચા સેવકનું બહુમાન મેળવ્યું હતું.

સાંસદ પરશોત્તમભાઈ રૂપાલાએ જણાવ્યુ કે, નૂતન વર્ષે અમરેલી જિલ્લાને કરોડો રૂપિયાના વિકાસના કામોના પ્રોજેકટ સરકારે ભેટ આપ્યા છે. સાવરકુંડલાના વિકાસ માટે રૂા. ૧૨૨ કરોડના વિકાસ કામોની રાજય સરકારે ભેટ આપી છે. આ સાથે ખેડૂતોના સાચા સેવક પૂર્વ ધારાસભ્ય સ્વ. ભગવાનબાપાની પૂર્ણ કદની પ્રતિમાનું અનાવરણ પ્રસંગે ઉપસ્થિત રહેવાનું મને સદ્ભાગ્ય પ્રાપ્ત થયું છે.

રૂપાલાએ ઉમેર્યુ કે, આવનારી પેઢી સ્વ. ભગવાનબાપા પાસેથી પ્રેરણા મેળવશે. સમૂહ ખેતીએ આજના સમયની જરૂરિયાત છે ત્યારે ભગવાન બાપાએ વર્ષો અગાઉ સમૂહ ખેતીને પ્રોત્સાહન આપ્યું હતું.

સાંસદ પરશોત્તમભાઈ રૂપાલાએ ઈઝરાયલની પ્રગતિમાં ટેકનોલોજીની સાથે સાથે ત્યાં થતી સમૂહ ખેતી (કિબૂત્સ)ની વાત કરવાની સાથે પૂર્વ ધારાસભ્ય અને ધરતીપુત્ર સ્વ. ભગવાનબાપાએ કરેલા સમૂહ ખેતીના પ્રયોગોએ ખેતીને લાભપ્રદ બનાવે છે તેમ જણાવી ખેડ હકક કાયદો, ગણોતધારા સહિત કાયદા તથા ગ્રીન રેવોલ્યુશનથી ખેડૂતોની આર્થિક સ્થિતિમાં સુધારો આવ્યો હતો અને વર્તમાન વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી તેમજ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં ખેડૂત કલ્યાણકારી યોજનાઓથી ખેડૂતો સમૃદ્ધ થઈ રહ્યા છે તેમ ઉમેર્યુ હતું. પોતાના દાદા અને સમૂહ ખેતીના પ્રણેતા ધરતીપુત્ર સ્વ. ભગવાનબાપાને યાદ કરીને ધારાસભ્ય મહેશભાઈ કસવાલાએ સ્વાગત પ્રવચનમાં કહ્યુ કે, ભગવાનબાપાના પ્રયાસોથી સૌરાષ્ટ્રનું પ્રથમ યાર્ડ સાવરકુંડલામાં બન્યું હતું. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી તેમજ રાજયના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે સાવરકુંડલા અને લીલીયાના વિકાસ માટે બે વર્ષમાં રૂા. ૧૬૦૦ કરોડની માતબર રકમ ફાળવી છે. રોડ રસ્તાના કામ માટે રૂા. ૧૭૧ કરોડ ફાળવ્યા જેમા ૧૨૦ રોડ પૈકી ૭૪ રોડના કામ ટૂંક સમયમાં શરૂ થશે. રાજય સરકારે નાવલી નદી પર રિવરફ્રન્ટ બનાવવા માટે રૂા. ૨૫ કરોડ મંજૂર કર્યા છે. આ રિવરફ્રન્ટ બનવાથી નાવલી નદી પુનજીવિત થવાની સાથે શહેરની શોભામાં વધારો થશે.

ઈફકોના અધ્યક્ષ દિલીપભાઈ સંઘાણીએ જણાવ્યુ કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વની કેન્દ્ર સરકાર અને મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વની રાજય સરકારના વિવિધ વિકાસ કાર્યોના અભિયાનને વેગ મળ્યો છે. સહકારિતાના માધ્યમથી ગ્રામ્ય વિસ્તારના સમૃદ્ધિના દ્વાર ખુલશે. ભગવાનબાપાએ નવયુવાનોને આપેલા પ્રોત્સાહનના સંસ્મરણો વાગોળ્યા હતા.

આ કાર્યક્રમમાં લોક સાહિત્યકાર માયાભાઈ આહિરે જણાવ્યુ કે, પૂર્વ ધારાસભ્ય સ્વ. ભગવાનબાપાએ પોતાના માટે નહીં પણ છેવાડાના માનવી માટે હંમેશા કામ કર્યુ હતું. માયાભાઈએ આ તકે ભગતબાપુ તેમજ કાગ બાપુને યાદ કર્યા હતા. તેમણે જનકલ્યાણના કાર્યો થકી સૌનો સાથ સૌનો વિકાસના સૂત્રને સાકાર કરવા અનુરોધ કર્યો હતો.

આ કાર્યક્રમમાં નાયબ મુખ્ય દંડક અને અમરેલી–વડીયા–કુંકાવાવ ધારાસભ્ય કૌશિકભાઈ વેકરિયા, ધારાસભ્ય સર્વ જે.વી. કાકડીયા, જનકભાઈ તળાવીયા, હીરાભાઈ સોલંકી, કંચનબેન રાદડીયા, સાવરકુંડલા નગરપાલિકા પ્રમુખ મેહુલભાઈ ત્રિવેદી, સાવરકુંડલા માર્કેટ યાર્ડ અધ્યક્ષ દીપકભાઈ માલાણી, જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતના સદસ્યઓ, પૂર્વ સાંસદ નારણભાઈ કાછડીયા, પૂર્વ ધારાસભ્ય સર્વ બાવકુભાઈ ઉંધાડ, વલ્લભભાઈ કાકડીયા, મનસુખભાઈ ભુવા, હનુભાઈ ધોરાજીયા, કાળુભાઈ વિરાણી, અંબરિશભાઈ ડેર, રાજુલાના અગ્રણી જિજ્ઞેશભાઈ પટેલ, ભૂપેન્દ્રભાઈ બસિયા, હિરેનભાઈ હિરપરા, વિપૂલભાઈ દૂધાત, ધીરૂભાઈ વાળા, જિલ્લાના સહકારી ક્ષેત્રના આગેવાનો, અગ્રણીઓ, નગરશ્રેષ્ઠીઓ, ખેડૂતો અને નાગરિકો સહિતના ઉપસ્થિત રહ્યા હતા. આભારવિધિ સાવરકુંડલા નગરપાલિકાના પ્રમુખ મેહુલભાઈ ત્રિવેદીએ કરી હતી.

કાર્યક્રમમાં સાવરકુંડલાના પ્રખ્યાત વજન કાંટો, ઘંટી તેમજ બળ દગાડું સહિતના ગ્રામ્ય સંસ્કૃતિના પ્રતિકોથી મુખ્યમંત્રી તેમજ ઉપસ્થિત મહાનુભાવોનું સન્માન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં લોક કલાકાર સર્વ વિજયદાન ગઢવી, કિરીટદાન કુંચાલા, હર્ષાબેન કારેલિયા, રેખાબેન વાળા અને સાજીંદાઓએ વિવિધ સાંસ્કૃતિક કૃતિઓ પ્રસ્તુત કરી હતી.


વેચવાની છે
સેવરોલેટ એન્જોય મોડલ–૨૦૧૩ (૮–સીટર) ટીપટોપ કન્ડીશન, ફુલ વિમો, ચાર નવા ટાયર, કમ્પલીટ ગાડી, મોટા ફેમીલી માટે અથવા ભાડામાં ચાલે તેવી ગાડી તાત્કાલીક વેચવાની છે.
સંપર્ક કરો મો. ૯૬૩૮૫ ૩૦૪૫૦

હોલસેલ ભાવે ટી-શર્ટ... ટી-શર્ટ...
બ્રાન્ડ ન્યુ વેરાઈટીઝમાં હોલસેલ ભાવમાં ટીશર્ટનો અઘધઘ.... ખજાનો......
રીટેલર રેડીમેઈડ દુકાન ધારકો, ટીશર્ટના વેપારીઓ માટે અમારે ત્યાંથી કપલ ટીશર્ટ, ફેમિલી ટીશર્ટ, ગ્રુપ મેચીંગ ટીશર્ટ, પ્રિન્ટેડ ટીશર્ટ....
નોંધ: બદલાની સવલત પણ આપવામાં આવશે
હોલસેલ..... હોલસેલ......
ફકત વેપારીઓ જ સંપર્ક કરે...
સંપર્ક : ૯૯૭૮૮ ૭૯૬૭૮

પેન્ટ-શર્ટનું કાપડ ખરીદવા માટેનું વિશ્વાસપાત્ર સ્થળ...
(બાબરાવાળા)
આનંદ કલોથ સ્ટોર
હરિ રોડ, અમરેલી. મો. ૯૪૨૬૯ ૪૩૬૪૪

હોન્ડા સાથે તહેવારોનો ઉત્સવ
HONDA
માત્ર ₹999/- ભરીને લઈ જાઓ આપનું મનપસંદ Shine 100
80+ AVERAGE દમદાર માઈલેજ | શાનદાર સ્ટાઈલ મજેદાર કમ્ફર્ટ | વ્યાજબી ભાવ
ફ્રી હેલ્મેટ
₹64900
ઓછો વ્યાજદર 9.50%
મહત્તમ લોન 95%
Shine 100
ડોક્યુમેન્ટ્સ • આધાર કાર્ડ • પાન કાર્ડ • બેન્ક પાસબુક • પાસપોર્ટ સાઈઝ ફોટા • ચેક • લાઈટબિલ
ઓથો.ડિલર પરીખ હોન્ડા
રેલ્વે સ્ટેશન સામે, સ્ટેશન રોડ, અમરેલી. ફોન : (૦૨૭૯૨) ૨૨૬૨૦૧/૦૨ મો. ૯૭૨૨૨ ૩૨૩૨૨

શિવ ફરસાણ (ધારીવાળા)
સ્પે.નાયલોન ખમણ ખમણ હાજરમાં મળશે. ખજુરની ચટણી સાથે
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે,લીલીયા રોડ,અમરેલી.

Navnit
MARUTI SUZUKI CELERIO
મારૂતિ સુઝુકીનો શોરૂમ હવે નવા રૂપરંગ તેમજ નવા જ મેનેજમેન્ટ સાથે...
ટેસ્ટ ડ્રાઇવ લેવા માટે રૂબરૂ શો-રૂમ પર પધારો
મારૂતિ સુઝુકી ઓથોરાઇઝ્ડ ડીલર
આલ્ફા ઓટોલિંક
સર્વે નં.૧૫૧, ૧૫૨, બાયપાસ રોડ, અમરેલી.
સેલ્સ : 9904649999 સર્વિસ : 9904549999

॥ વંદે માતરમ્ ॥
YAMAHA Revs your Heart જીજ્ઞેશ એજન્સી YES! YAMAHA
Make an Impression fascino 125 Fi
SHANDAAR DUMDAAR MILEDAAR It's fascino yaar
જીજ્ઞેશ એજન્સી
લાઠી બાયપાસ ચોકડી, યામાહા શો-રૂમ, અમરેલી.
મો. ૭૦૪૮૬ ૮૨૦૦૪ / ૭૦૪૮૭ ૮૨૦૦૪

### ટ્રમ્પે ઉપરાષ્ટ્રપતિ કમલા હેરિસને જંગી જીતમાં હરાવ્યા

# અમેરિકામાં ફરી એકવાર ટ્રમ્પ સરકાર, રિપબ્લિકન પાર્ટીને મળ્યો બહુમત

## ચૂંટણીમાં જીત મેળવીને ૪૭માં રાષ્ટ્રપતિ બનવા જઈ રહેલા ટ્રમ્પે કહ્યું કે અમેરિકાના લોકોનો આભાર : દેશની તમામ સમસ્યાઓનું સમાધાન કરીશું

વોશિંગ્ટન, તા.૬

અમેરિકી પ્રમુખપદની ચૂંટણીના ડોનાલ્ડ ટ્રમ્પે ઉપરાષ્ટ્રપતિ કમલા હેરિસને વ્હાઈટ હાઉસની રેસમાં ટક્કર આપી છે. પરંતુ હવે ટ્રમ્પ બહુમતીના આંકને સ્પર્શી ગયા છે. ફોક્સ ન્યૂઝે દાવો કર્યો છે કે, આગામી રાષ્ટ્રપતિ ટ્રમ્પ હશે. ટ્રમ્પે ૨૭૦ના જાદુઈ આંકડાને સ્પર્શ કર્યો છે. કમલા હેરિસને ૨૨૫ ઈલેક્ટોરલ વોટ મળ્યા છે. ફોક્સ ન્યૂઝના અહેવાલ પ્રમાણે, ભૂતપૂર્વ પ્રમુખ ટ્રમ્પે ઉપરાષ્ટ્રપતિ કમલા હેરિસને જંગી જીતમાં હરાવ્યા છે.

અમેરિકી રાષ્ટ્રપતિની ચૂંટણી જીત્યા બાદ ડોનાલ્ડ ટ્રમ્પે પોતાના સમર્થકોને સંબોધિત કર્યા હતા. તેમણે કહ્યું કે જુઓ હું આજે ક્યાં છું. ડોનાલ્ડ ટ્રમ્પે પોતાના સમર્થકોનો આભાર માન્યો હતો અને કહ્યું હતું કે આવો ઉત્સવ આ પહેલા ક્યારેય જોયો નથી. તેમણે કહ્યું કે તેઓ દેશને સુરક્ષિત કરવા માટે તમામ પ્રયાસ કરશે. આ દરમિયાન તેમના સમર્થકો યુએસએ-યુએસએના નારા લગાવતા રહ્યા. 'મેક અમેરિકા ગ્રેટ અગેઈન' ના નારાને પુનરાવર્તિત કરતા ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું કે હું અમેરિકા માટે દરેક ક્ષણે કામ કરીશ. તેમણે કહ્યું કે આ મારા જીવનની સૌથી મહત્વપૂર્ણ ક્ષણ છે અને મારું બધું જ અમેરિકાને સમર્પિત છે.

તેમના સંબોધન ''અત્યાર સુધીનું સૌથી મોટું રાજકીય ચળવળપ'' ગણાવ્યું, ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું, ''અમે અમારા દેશને ઠીક કરવામાં મદદ કરીશું. આપણા દેશને મદદની જરૂર છે. અમે સરહદો ઠીક કરીશું. અમે આજે રાત્રે ઈતિહાસ રચ્યો છે.

ટ્રમ્પે આગળ કહ્યું, ''અને હવે તે મહત્વના નવા સ્તરે પહોંચવા જઈ રહ્યું છે, કારણ કે અમે અમારા દેશને મદદ કરવા જઈ રહ્યા છીએ. અમે અમારા દેશને મદદ કરીશુંપઅને અમે આજની રાતે એક કારણસર ઈતિહાસ રચ્યો છે, અને તેનું કારણ માત્ર એટલું જ હશે કે અમે એવા અવરોધોને દૂર કર્યા છે જે કોઈએ વિચાર્યું પણ ન હતું, અને હવે તે સ્પષ્ટ છે કે અમે સૌથી અવિશ્વસનીય રાજકીય વસ્તુ હાંસલ કરી છે. ડોનાલ્ડ ટ્રમ્પે અમેરિકાની રાષ્ટ્રપતિની ચૂંટણી જીતી લીધી છે. અમેરિકન મીડિયા હાઉસ ફોક્સ ન્યૂઝે જાહેરાત કરી છે કે ડોનાલ્ડ ટ્રમ્પ આ ચૂંટણી જીતી ગયા છે. અમેરિકાની ચૂંટણીમાં જીત મેળવીને ૪૭માં રાષ્ટ્રપતિ બનવા જઈ રહેલા ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું કે અમેરિકાના લોકોનો આભાર. આવો નજારો આજ પહેલા ક્યારેય નહિ જોયો હોય. અમે અમારી સરહદ મજબૂત કરીશું. દેશની તમામ સમસ્યાઓનું સમાધાન કરીશું. ટ્રમ્પે કહ્યું કે તેઓ ઈચ્છે છે કે લોકો અમેરિકા પાછા આવે, પરંતુ કાયદાકીય રીતે. અહીં દરેક વ્યક્તિ ખૂબ જ ખાસ અને મહાન છે. ટ્રમ્પે એલન મસ્કના વખાણ કર્યા અને કહ્યું કે તે એક અદભૂત વ્યક્તિ છે. ટ્રમ્પે આગળ કહ્યું કે જે મસ્કે કર્યું છે, શું રશિયા કરી શકે છે, શું ચીન કરી શકે છે, બીજું કોઈ કરી શકે નહીં. તેમણે સ્પેસએક્સના તાજેતરના લોન્ચિંગની પણ પ્રશંસા કરી હતી. ટ્રમ્પે વધુમાં કહ્યું કે આપણે એક એવો દેશ છીએ જેને મદદની સખત જરૂર છે. અમે અમારી સીમાઓ ઠીક કરવા જઈ રહ્યા છીએ

ડોનાલ્ડ ટ્રમ્પે સ્વિંગ રાજ્યના મતદારોનો આભાર માન્યો હતો. તેમણે કહ્યું કે હું તમારા પરિવાર અને ભવિષ્ય માટે લડીશ. અમને સ્વિંગ રાજ્યના મતદારોનું સમર્થન પણ મળ્યું છે. આગામી ચાર વર્ષ અમેરિકા માટે સોનેરી સાબિત થવાના છે. જનતાએ અમને ખૂબ જ મજબૂત જનાદેશ આપ્યો છે.

અમેરિકાની રાષ્ટ્રપતિની ચૂંટણીનું ચિત્ર હવે સ્પષ્ટ જણાય છે. અત્યાર સુધીના ટ્રેન્ડ મુજબ રિપબ્લિકન ઉમેદવાર ડોનાલ્ડ ટ્રમ્પ જીત તરફ આગળ વધી રહ્યા હોય તેવું લાગી રહ્યું છે.

જ્યારે, ડેમોક્રેટ કમલા હેરિસ પાછળ છે. ચૂંટણી પરિણામોના ટ્રેન્ડની અસર હવે ટ્રમ્પ અને હેરિસ પર દેખાઈ રહી છે. હેરિસના નિરાશ સમર્થકો હવે પરત ફરી રહ્યા છે. કમલા હેરિસે હાવર્ડ યુનિવર્સિટીમાં ભાષણ પણ રદ્દ કર્યું હતું.

અમેરિકાના રાષ્ટ્રપતિ બનવા માટે ૫૩૮ માંથી ૨૭૦ ઈલેક્ટોરલ કોલેજ વોટ જરૂરી છે. ટ્રમ્પ હાલમાં ૨૪૭પર છે જ્યારે હેરિસ ૨૧૦ પર આગળ છે. ટ્રમ્પ સાતમાંથી પાંચ સ્વિંગ સ્ટેટ્સમાં પણ આગળ છે.ટ્રમ્પના સમર્થકોએ ઉજવણીની તૈયારીઓ પણ શરૂ થઈ ગઈ છે. ફ્લોરિડાના પામ બીચ સ્થિત કન્વેન્શન સેન્ટરમાં વિજયની ઉજવણી કરવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે, ટ્રમ્પ પ્રથમ વખત ૨૦૧૬માં પ્રમુખ તરીકે ચૂંટાયા હતા, ભૂતપૂર્વ સેક્રેટરી ઓફ સ્ટેટ હિલેરી ક્લિન્ટનને હરાવ્યા હતા અને ''અમેરિકાને ફરીથી મહાન બનાવવા"ની પ્રતિજ્ઞા લીધી હતી. વૈશ્વિક કોરોનાવાયરસ રોગચાળા દરમિયાન તે ૨૦૨૦માં રાષ્ટ્રપતિ બાઈડને સામે ફરીથી ચૂંટણી હારી ગયા.

### વિદ્યાર્થીઓને મળશે ૧૦ લાખની એજ્યુકેશન લોન

# કેબિનેટે પ્રધાનમંત્રી વિદ્યાલક્ષ્મી યોજનાને અંતે મંજૂરી આપી દીધી

## આ યોજના હેઠળ ૮ લાખ રૂપિયાથી ઓછી આવક ધરાવતા પરિવારના બાળકોને ઉચ્ચ શિક્ષણ માટે ૩ ટકાના વ્યાજ દરે એજ્યુકેશન લોન મળશે

નવી દિલ્હી, તા. ૬

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં કેન્દ્રીય કેબિનેટે તેજસ્વી વિદ્યાર્થીઓને નાણાકીય સહાય પૂરી પાડવા માટે આજે બુધવારે PM-વિદ્યાલક્ષ્મી યોજનાને મંજૂરી આપી દીધી છે, જેના કારણે નાણાકીય અવરોધો ભારતના કોઈપણ યુવાનોને ગુણવત્તાયુક્ત ઉચ્ચ શિક્ષણ મેળવવાથી રોકે નહીં. પ્રધાનમંત્રી વિદ્યાલક્ષ્મી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ, ૨૦૨૦માંથી બહાર આવેલી અન્ય મહત્ત્વપૂર્ણ પહેલ છે, જેમાં એવી ભલામણ કરવામાં આવી હતી કે સરકારી અને ખાનગી એમ બંને પ્રકારનાં એચઈઆઈમાં વિવિધ પગલાં મારફતે પ્રતિભાશાળી વિદ્યાર્થીઓને નાણાકીય સહાય ઉપલબ્ધ કરાવવી જોઈએ. PM વિદ્યાલક્ષ્મી યોજના હેઠળ, કોઈપણ વિદ્યાર્થી કે જે ગુણવત્તાયુક્ત ઉચ્ચ શિક્ષણ સંસ્થા (ક્યુએચઈઆઈ)માં પ્રવેશ મેળવે છે, તે ટ્યુશન ફી અને અભ્યાસક્રમને લગતા અન્ય ખર્ચની સંપૂર્ણ રકમને આવરી લેવા માટે બેંકો અને નાણાકીય સંસ્થાઓ પાસેથી કોલેટરલ ફ્રી, ગેરેન્ટર ફ્રી લોન મેળવવા માટે પાત્ર બનશે.આ યોજનાનું સંચાલન સરળ, પારદર્શક અને વિદ્યાર્થીઓને અનુકૂળ સિસ્ટમ મારફતે કરવામાં આવશે, જે આંતર-કાર્યક્ષમ અને સંપૂર્ણપણે ડિજિટલ હશે.આ યોજના દેશની ટોચની ગુણવત્તા ધરાવતી ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓને લાગુ પડશે, જે એનઆઈઆરએફ રેન્કિંગ્સ દ્વારા નિર્ધારિત કરવામાં આવી છે – જેમાં તમામ એચઈઆઈ, સરકારી અને ખાનગીનો સમાવેશ થાય છે, જેને એકંદર, કેટેગરી-સ્પેસિફિક અને ડોમેન સ્પેસિફિક રેંક્રિંગમાં એનઆઈ આર એફમાં ટોચના ૧૦૦માં સ્થાન આપવામાં આવ્યું છે; રાજ્ય સરકારના એચ.ઈ.આઈ.ને એન.આઈ.આર.એફ. અને કેન્દ્ર સરકાર સંચાલિત તમામ સંસ્થાઓમાં ૧૦૧-૨૦૦માં સ્થાન આપવામાં આવ્યું છે. નવીનતમ એનઆઈઆરએફ રેંક્રિંગનો ઉપયોગ કરીને આ સૂચિને દર વર્ષે અપડેટ કરવામાં આવશે, અને તેની શરૂઆત ૮૬૦ ક્વોલિફાઈંગ ક્યુએચઈઆઈથી થશે, જેમાં ૨૨ લાખથી વધુ વિદ્યાર્થીઓને આવરી લેવામાં આવશે, જેથી પીએમ-વિદ્યાલક્ષ્મીનો લાભ સંભવિત રીતે મેળવી શકાય. જો તેઓ એવી રીતે ઈચ્છે તો.

૭.૫ લાખ રૂપિયા સુધીની લોનની રકમ માટે, વિદ્યાર્થી બાકી ડિફોલ્ટના ૭૫%ની ક્રેડિટ ગેરંટી માટે પણ પાત્ર રહેશે. જેનાથી આ યોજના હેઠળ વિદ્યાર્થીઓને શિક્ષણ લોન ઉપલબ્ધ કરાવવામાં બેંકોને ટેકો મળશે. આ ઉપરાંત ૮ લાખ સુધીની વાર્ષિક પારિવારિક આવક ધરાવતા અને અન્ય કોઈ પણ સરકારી શિષ્યવૃત્તિ અથવા વ્યાજમાં રાહત યોજના હેઠળ લાભ મેળવવાને પાત્ર ન હોય તેવા વિદ્યાર્થીઓ માટે, મોરેટોરિયમ સમયગાળા દરમિયાન રૂ. ૧૦ લાખ સુધીની લોન માટે વ્યાજમાં ૩ ટકાની સહાય પણ આપવામાં આવશે. દર વર્ષે એક લાખ વિદ્યાર્થીઓને ઈન્ટરેસ્ટ સબવેન્શન સપોર્ટ આપવામાં આવશે. જે વિદ્યાર્થીઓ સરકારી સંસ્થાઓના છે અને ટેકનિકલ/પ્રોફેશનલ કોર્સ પસંદ કર્યા છે તેમને પ્રાધાન્ય આપવામાં આવશે. વર્ષ ૨૦૨૪-૨૫થી ૨૦૩૦-૩૧ દરમિયાન રૂ. ૩,૬૦૦ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે અને આ સમયગાળા દરમિયાન ૭ લાખ નવા વિદ્યાર્થીઓને વ્યાજમાં આ માફીનો લાભ મળવાની અપેક્ષા છે.ઉચ્ચ શિક્ષણ વિભાગ પાસે યુનિફાઈડ પોર્ટલ ''પીએમ-વિદ્યાલક્ષ્મી'' હશે, જેના પર વિદ્યાર્થીઓ તમામ બેંકો દ્વારા ઉપયોગમાં લેવામાં આવતી સરળ એપ્લિકેશન પ્રક્રિયા દ્વારા એજ્યુકેશન લોન તેમજ ઈન્ટરેસ્ટ સબવેન્શન માટે અરજી કરી શકશે. વ્યાજમાં છૂટની ચુકવણી ઈ-વાઉચર અને સેન્ટ્રલ બેંક ડિજિટલ કરન્સી (સીબીડીસી) વોલેટ દ્વારા કરવામાં આવશે.

પ્રધાનમંત્રી વિદ્યાલક્ષ્મી યોજનાએ ભારતનાં યુવાનો માટે ગુણવત્તાયુક્ત ઉચ્ચ શિક્ષણની મહત્તમ સુલભતા માટે શિક્ષણ અને નાણાકીય ક્ષેત્રોમાં ભારત સરકારે છેલ્લાં એક દાયકામાં હાથ ધરેલી વિવિધ પહેલોની શ્રેણીનાં અવકાશ અને પહોંચને વધારે ગાઢ બનાવશે. આ કેન્દ્રીય ક્ષેત્રની ઈન્ટરેસ્ટ સબસિડી (સીએસ આઈએસ) અને ક્રેડિટ ગેરંટી ફંડ સ્કીમ ફોર એજ્યુકેશન લોન્સ (સીજીએફ એસઈએલ)ની પૂર્તિ કરશે, જે ઉચ્ચ શિક્ષણ વિભાગ દ્વારા લાગુ કરવામાં આવેલી પીએમ-યુએસપીની બે ઘટકોની યોજનાઓ છે. પીએમ-યુએસપી સીએસઆઈએસ હેઠળ રૂ. ૪.૫ લાખ સુધીની વાર્ષિક પારિવારિક આવક ધરાવતા અને માન્ય સંસ્થાઓ પાસેથી ટેકનિકલ/વ્યાવસાયિક અભ્યાસક્રમોમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને રૂ. ૧૦ લાખ સુધીની શૈક્ષણિક લોન માટે મોરેટોરિયમ સમયગાળા દરમિયાન સંપૂર્ણ વ્યાજમાં માફી મળે છે. એટલે પ્રધાનમંત્રી વિદ્યાલક્ષ્મી અને પીએમ-યુએસપી સંયુક્તપણે તમામ લાયકાત ધરાવતા વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત એચઈઆઈમાં ઉચ્ચ શિક્ષણ મેળવવા માટે સંપૂર્ણ સાથસહકાર પ્રદાન કરશે તથા માન્ય એચઈઆઈમાં ટેકનિકલ/વ્યાવસાયિક શિક્ષણ મેળવશે.

### ઘણા નેતાઓએ નિધન પર દુઃખ વ્યક્ત કર્યું

# શારદા સિન્હાના નિધન પર મોદી અને નીતિશ કુમારે શોક વ્યક્ત કર્યો

## શારદા સિન્હા દ્વારા ગાયેલા મૈથિલી અને ભોજપુરી લોકગીતો છેલ્લા કેટલાક દાયકાઓથી ખૂબ જ લોકપ્રિય

નવી દિલ્હી, તા. ૬

વડાપ્રધાન નરેન્દ્ર મોદી, કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ અને બિહારના મુખ્ય પ્રધાન નીતિશ કુમારે પ્રખ્યાત લોકગાયિકા શારદા સિન્હાના નિધન પર શોક વ્યક્ત કર્યો છે. આ સિવાય અન્ય ઘણા નેતાઓએ પણ X હેન્ડલ પર ટ્વીટ કરીને શારદા સિન્હાના નિધન પર દુઃખ વ્યક્ત કર્યું છે. PM મોદીએ પોતાના X હેન્ડલ પર લખ્યું કે, ''પ્રખ્યાત લોકગાયિકા શારદા સિન્હાના નિધનથી હું ખૂબ જ દુઃખી છું.''

વડાપ્રધાન મોદીએ લખ્યું કે, શારદા સિન્હા દ્વારા ગાયેલા મૈથિલી અને ભોજપુરી લોકગીતો છેલ્લા કેટલાક દાયકાઓથી ખૂબ જ લોકપ્રિય છે. આસ્થાના મહાન તહેવાર છઠ સાથે સંબંધિત તેમના મધુર ગીતોની ગુંજ આજે પણ કાયમ છે. તેમનું અવસાન સંગીત જગતને ન પુરી શકાય તેવી ખોટ છે. મારા વિચારો શોકની આ ઘડીમાં તેમના પરિવાર અને ચાહકો સાથે છે.તે જ સમયે બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમારે લોક ગાયિકા શારદા સિન્હાના નિધન પર નિવેદન જાહેર કર્યું છે. સીએમ નીતિશે કહ્યું કે, તેમણે પદ્મશ્રી અને પદ્મ ભૂષણથી સન્માનિત શારદા સિન્હાના નિધન પર ઊંડો શોક વ્યક્ત કર્યો છે. પોતાના શોક સંદેશમાં મુખ્યમંત્રીએ કહ્યું કે, બિહાર કોકિલા શારદા સિંહા એક પ્રખ્યાત લોક ગાયિકા હતા. મૈથિલી, બજ્જિકા, ભોજપુરી ઉપરાંત તેણે હિન્દી ગીતો પણ ગાયા છે. તેમણે ઘણી હિન્દી ફિલ્મોમાં પણ પોતાનો મધુર અવાજ આપ્યો હતો. સંગીતની દુનિયામાં તેમના યોગદાન માટે, ભારત સરકારે તેમને ૧૯૯૧માં પદ્મશ્રી અને ૨૦૧૮માં પદ્મ ભૂષણથી સન્માનિત કર્યા. છઠના તહેવાર નિમિત્તે સ્વર્ગસ્થ શારદા સિન્હા દ્વારા સુમધુર અવાજમાં ગાયેલા મધુર ગીતો બિહાર અને ઉત્તર પ્રદેશ સહિત દેશના તમામ ભાગોમાં ગુંજી ઉઠે છે. તેમના નિધનથી સંગીત ક્ષેત્રે ન પુરી શકાય તેવી ખોટ પડી છે.કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે પણ શારદા સિન્હાના નિધન પર શોક વ્યક્ત કર્યો છે. તેમણે ટ્વીટ કરીને કહ્યું કે, તેઓ શારદા સિન્હાના નિધનથી અત્યંત દુઃખી છે, જેમણે ભારતીય સંગીતને પાંચ દાયકાથી વધુ સમય સુધી પોતાના સુરીલા અવાજથી નવી ઊંચાઈઓ આપી. બિહાર કોકિલા તરીકે પ્રખ્યાત શારદા સિન્હાએ મૈથિલી અને ભોજપુરી લોકગીતોને લોકોમાં લોકપ્રિય બનાવ્યા અને એક પ્લેબેક સિંગર તરીકે ફિલ્મ જગતને મંત્રમુગ્ધ કરવાનું ચાલુ રાખ્યું. પૂર્વાંચલની લોકવિધિઓ તેમના અવાજ વિના અધૂરી લાગે છે. આ છઠ પર્વ પર તેમનો અવાજ ચોક્કસપણે શ્રદ્ધાળુઓને વધુ ભાવુક બનાવશે. બિહારના ડેપ્યુટી સીએમ વિજય સિન્હાએ કહ્યું કે, બિહારની નાઈટિંગેલ શારદા સિન્હાનું નિધન બિહારની લોક સંસ્કૃતિ અને વારસાને ન પુરી શકાય તેવી ખોટ છે.

### ડેમોક્રેટ્સની નીતિઓને જ ટ્રમ્પે હથિયાર બનાવી

# ડોનાલ્ડ ટ્રમ્પની કઈ સ્ટ્રેટેજીએ રિપબ્લિકન્સને અપાવી જીત?

## ૭૮ વર્ષની ઉંમરે ત્રીજીવાર ચૂંટણી લડીને જીતનારા ડોનાલ્ડ ટ્રમ્પ અમેરિકાના પહેલા નેતા બન્યા

વોશિંગ્ટન, તા.૬

૭૮ વર્ષની ઉંમર આમ તો રિટાયર્મેન્ટ લઈને આરામ ફરમાવવાની અને તબિયત સાચવવાની કહેવાય પરંતુ આ ઉંમરે ડોનાલ્ડ ટ્રમ્પ અમેરિકા જેવા દુનિયાના સૌથી શક્તિશાળી દેશની કમાન સંભાળવા જઈ રહ્યા છે. છેલ્લા લગભગ ૭૦-૭૫ વર્ષમાં કોઈ નેતા ત્રણ વાર પ્રેસિડેન્શિયલ ઈલેક્શન લડ્યા હોય અને એક વાર હાર્યા બાદ ફરી સત્તા પ્રાપ્ત કરવાના હોય તેવા ટ્રમ્પ કદાચ પહેલા વ્યક્તિ છે અને તેમના નામે હવે સૌથી વધુ ઉંમરમાં યુએસનું ઈલેક્શન લડવાનો તેમજ લગભગ જીતવાનો રેકોર્ડ પણ નોંધાઈ ચૂક્યો છે.પહેલી ટર્મ પૂરી કર્યા બાદ હારનો સામનો કરનારા ડોનાલ્ડ ટ્રમ્પ માટે કમબેક જરાય આસાન નહોતું. ૨૦૨૦ બાદ ટ્વીટર અને ફેસબુક જેવા સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પરથી તેઓ ગાયબ થઈ ગયા હતા અને અમેરિકાનું મીડિયા તો આમેય ક્યારેય તેમની તરફેણમાં નહોતું. આ સ્થિતિમાં ટ્રમ્પ સામે વધતી ઉંમર સાથે બીજી પણ ઘણી ચેલેન્જિસ હતી, પરંતુ તેમ છતાંય ટ્રમ્પે પોતાના અંદાજમાં ફરી મેદાનમાં આવવાનું નક્કી કર્યું હતું અને બાઈડનની પોલિસીને જ તેમણે પોતાનું હથિયાર બનાવી હતી. બાઈડને પોતાના કાર્યકાળ દરમિયાન અમેરિકાની બોર્ડરને 'ઓપન ફોર ઓલ'ની માફક ખૂલ્લી ના મૂકી હોત તો ટ્રમ્પને ચૂંટણી લડવાનો કદાચ કોઈ મજબૂત મુદ્દો પણ ના મળ્યો હોત.ટ્રમ્પને મળેલી જીત પાછળ તેમનું મજબૂત ટીમ વર્ક અને તેમની પોતાની મહેનતનો સૌથી મોટો ફાળો છે, પરંતુ તેની સાથે-સાથે ડેમોક્રેટ્સે પણ એવી ઘણી ભૂલ કરી હતી કે જેનાથી ટ્રમ્પનું કામ આસાન થઈ ગયું હતું. એક તરફ ડેમોક્રેટ્સ ડોનાલ્ડ ટ્રમ્પને ડેમોક્રસી માટે ખતરો ગણાવતા રહ્યા હતા તો બીજી તરફ ટ્રમ્પે એક બિઝનેસમેનની ભાષા બોલતા પોતાના આવવાથી લોકોને શું ફાયદો થશે તેની વાતો કરી હતી અને તેની સાથે-સાથે ટ્રમ્પે પોતે ફરી સત્તા પર ના આવ્યા તો અમેરિકાનું શું થશે તેનો ડર પણ પબ્લિકને બતાવ્યો હતો.આ ઈલેક્શનમાં ટ્રમ્પે પોતાને એક સફળ બિઝનેસમેન અને અઠંગ રાજકારણી તરીકે પ્રોજેક્ટ કર્યા હતા અને તેમની આ નીતિને સફળતા પણ મળી છે. મહેનતની સાથે જાણે ટ્રમ્પના નસીબ પણ જોર કરતા હોય તેમ બાઈડને ચૂંટણી ના લડવાની જાહેરાત કરવામાં ખાસ્સું મોડું કરીને ટ્રમ્પને મોકળું મેદાન આપી દીધું હતું અને આ દરમિયાન પેન્સિલવેનિયામાં ટ્રમ્પ પર થયેલા જીવલેણ હુમલા બાદ લોકોની તેમના પ્રત્યે સહાનુભૂતિ પણ વધી હતી.જોકે, કમલાની એન્ટ્રી સાથે જ અમેરિકાના પોલિટિક્સનું પિક્ચર પણ બદલાયું હતું અને જીવલેણ હુમલામાં સહેજમાં બચી ગયેલા ટ્રમ્પે કોઈ વડીલની માફક થોડા દિવસો સુધી વાત કર્યા બાદ પોતાનો અસલી મૂડ ફરી ઉજાગર કરતાં એક ઘા અને બે કટકા જેવી ભાષામાં ભાષણ આપવાનું શરૂ કર્યું હતું. આ ઈલેક્શનમાં કૂતરાં-બિલાડાથી લઈને અમેરિકાના લોહીમાં ઝેર ભેળવવા જેવા અનેક મુદ્દા ટ્રમ્પે ઉપસ્થિત કર્યા હતા જેની અમેરિકાના મીડિયામાં આકરી ટીકા થઈ રહી હતી, પરંતુ ટ્રમ્પ કદાચ અંદરખાને જાણતા હતા કે આ મુદ્દા છેડીને તેઓ પબ્લિકની દુઃખતી નસ પર હાથ મૂકી રહ્યા છે અને લોકોના વોટ પણ ડાહી-ડમરી વાતો કરવાથી નહીં પણ તડને ફડ વાણી ઉચ્ચારવાથી જ મળશે.ઈલેક્શનના છેલ્લા દિવસોમાં ટ્રમ્પના અમુક ભૂતપૂર્વ સાથીઓએ તેમના વિશે ના કહેવાના શબ્દો કહ્યા હતા, પરંતુ પાણી પહેલા પાળ બાંધી લેનારા ટ્રમ્પે ઈલોન મસ્ક જેવા વ્યક્તિને પોતાની તરફ કરી લઈને એવો માહોલ ઉભો કર્યો હતો કે તેમની વિરૂદ્ધમાં બોલનારાને મીડિયા સિવાય બીજું કોઈ સિરિયસલી લેતું જ નહોતું.એક તરફ ટ્રમ્પ માસ ડિપોર્ટેશનની વાતો કરતા હતા, તો બીજી તરફ અમેરિકાના અર્થશાસ્ત્રીઓ તેનાથી દેશની ઈકોનોમીને કેટલું નુક્સાન થશે તેનો હિસાબ માંડવા બેસી જતા હતા. ટ્રમ્પ કહેતા હતા કે ઈલીગલ ઈમિગ્રન્ટ્સ અમેરિકામાં આવીને ક્રાઈમ કરે છે પરંતુ અમેરિકન મીડિયા ફેક્ટ ચેક કરીને તેમના આ નિવેદનોને ખોટાં ગણાવતું હતું. કમલા હેરિસ મહિલાઓ અને યંગસ્ટર્સને આકર્ષી રહ્યા છે તેવી પણ વાતો થતી હતી પરંતુ અમેરિકાના ઈલેક્શના પરિણામે સાબિત કરી દીધું છે કે લોકોએ કમલાની ડાહી-ડાહી વાતોને મહત્વ આપવાને બદલે ટ્રમ્પની બેફામ વાણીને વધારે ગંભીરતાથી લઈને તેમને જીતાડ્યા છે.વોર હોય કે પોલિટિક્સ.. જીત આખરે જીત હોય છે, પરંતુ ટ્રમ્પે ચૂંટણી જીતવા માટે જે નીતિ અપનાવી છે તે નફરત અને જૂઠ્ઠાણાનું કોકટેલ હતી તેવું ચોક્કસ કહી શકાય. ૦૬ નવેમ્બરે રાતે બે વાગ્યે ટ્રમ્પે પોતાની જીતના દાવા સાથે જે સ્પીચ આપી છે તેમાં પણ તેમણે કેટલીક મીડિયા કંપનીનો નામજોગ ઉલ્લેખ કરીને તેમને એનિમી કેમ્પનો કરાર આપી દીધો હતો.ચૂંટણી થઈ તે પહેલા પણ ટ્રમ્પે અંદરના દુશ્મનોને બહારના દુશ્મનો કરતા વધારે ખતરનાક ગણાવી પોતાને સત્તા મળતાં જ તેમની શાન ઠેકાણે લાવવાની પણ વાત કરી હતી.ટ્રમ્પની પહેલી ટર્મ દમિયાન અમેરિકા ભલે કોઈ એક્ટિવ વોરમાં સંકળાયેલું નહોતું પરંતુ ટ્રમ્પની વાણી કોઈ મિસાઈલ અટેકથી જરાય ઉતરતી નહોતી અને ટ્રમ્પ તેમજ અમેરિકાના દિગ્ગજ મીડિયા હાઉસિસ વચ્ચે હંમેશા તણખા ઝરતાં રહ્યા હતા. ડોનાલ્ડ ટ્રમ્પ ૨૦ જાન્યુઆરી ૨૦૨૫ના દિવસે અમેરિકાના ૪૭મા પ્રેસિડેન્ટ તરીકે શપથ ગ્રહણ કરશે અને સત્તા પર આવતા જ તેઓ કઈ રીતે ફરી અમેરિકાને મહાન બનાવે છે તે જોવું રસપ્રદ બની રહેશે.

### સુપ્રીમ કોર્ટે આપ્યા આદેશ

# બુલડોઝર કાર્યવાહી અંગે યુપી સરકારથી સુપ્રીમ કોર્ટ નારાજ

## સુપ્રીમ કોર્ટે કહ્યું છે કે યુપી સરકારે જે વ્યક્તિનું ઘર તોડી પાડ્યું છે તેને ૨૫ લાખ રૂપિયાનું વળતર આપવું જોઈએ

નવી દિલ્હી, તા. ૬

રસ્તાઓ ઉપર દબાણને લઈને યુપી સત્તાવાળાઓ દ્વારા અરજદારના ઘરને બુલડોઝર દ્વારા તોડી પાડવા પર સુપ્રીમ કોર્ટે નારાજગી વ્યક્ત કરી છે. સુપ્રીમ કોર્ટે કહ્યું છે કે યુપી સરકારે જે વ્યક્તિનું ઘર તોડી પાડ્યું છે તેને ૨૫ લાખ રૂપિયાનું વળતર આપવું જોઈએ. સુપ્રીમ કોર્ટના CJI DY ચંદ્રચુડે કહ્યું કે તમે કહો છો કે તે ૩.૭ ચોરસ મીટરનું અતિક્રમણ હતું. અમે સાંભળીએ છીએ પણ કોઈ સર્ટિફિકેટ આપતા નથી, પરંતુ તમે લોકોના ઘર આ રીતે તોડવાની શરૂઆત કેવી રીતે કરી શકો? કોઈના ઘરમાં ઘૂસી જવું એ અંધાધૂંધી છે. વધુમાં તેમણે કહ્યું કે આ સંપૂર્ણપણે મનસ્વી છે, તેમાં યોગ્ય પ્રક્રિયા ક્યાં અનુસરવામાં આવી છે? અમારી પાસે એક એફિડેવિટ છે, જેમાં કહેવામાં આવ્યું છે કે કોઈ નોટિસ જારી કરવામાં આવી નથી, તમે માત્ર સ્થળ પર ગયા અને લોકોને જાણ કરી હતી. અમે આ કેસમાં શિક્ષાત્મક વળતર આપવા તૈયાર હોઈ શકીએ છીએ પણ શું આ ન્યાયનો હેતુ પૂરો કરશે? અરજદારના વકીલે આ મામલે તપાસ કરવા વિનંતી કરી હતી. CJIએ રાજ્ય સરકારના વકીલને પૂછ્યું કે કેટલા મકાનો તોડી પાડવામાં આવ્યા? રાજ્ય સરકારના વકીલે કહ્યું કે ૧૨૩ ગેરકાયદે બાંધકામો છે. જેમાં જસ્ટિસ જેબી પારડીવાલાએ કહ્યું, તમારા કહેવાનો આધાર શું છે કે તે અનધિકૃત હતું, તમે ૧૯૬૦થી શું કર્યું? તમે છેલ્લા ૫૦ વર્ષથી શું કરી રહ્યા હતા? તમે ખૂબ જ અહંકારી છો. રાજ્યએ NHRCના આદેશનું થોડું સન્માન કરવું પડશે. તમે મૌન બેઠા છો અને અધિકારીની પ્રક્રિયાઓનું રક્ષણ કરો છો.વધુમાં CJIએ કહ્યું કે મનોજ ટિબ્રેવાલ દ્વારા વોર્ડ નંબર ૧૬ મોહલ્લા હમીદનગરમાં સ્થિત તેમના પૈતૃક મકાન અને દુકાનને તોડી પાડવાની ફરિયાદ કરીને સંબોધવામાં આવેલા પત્ર અંગે સુઓ મોટુ સંજ્ઞાન લેવામાં આવ્યું હતું. રિટ પિટિશન પર નોટિસ આપવામાં આવી હતી. જસ્ટિસ જેબી પારડીવાલાએ યુપી સરકારના વકીલને કહ્યું કે ગઈ રાત્રે તમારા અધિકારીએ રોડ પહોળો કરવા માટે પીળા ચિહ્નિત વિસ્તારને તોડી પાડ્યો, બીજા દિવસે સવારે તમે બુલડોઝર લઈને આવ્યા. તે ટેકઓવર જેવું છે, તમે બુલડોઝર લઈને ઘર તોડી પાડતા નથી, તમે ઘર ખાલી કરવા માટે પરિવારને સમય પણ આપતા નથી. પહોળું કરવું એ માત્ર એક બહાનું હતું, આ આખી કવાયતનું કારણ જણાતું નથી. સીજેઆઈએ આદેશમાં કહ્યું કે આ મામલે તપાસ કરવાની જરૂર છે. UP રાજ્યએ NHની મૂળ પહોળાઈ દર્શાવવા માટે કોઈ દસ્તાવેજ રજૂ કર્યા નથી. બીજું કે, અતિક્રમણને ઓળખવા માટે કોઈ તપાસ હાથ ધરવામાં આવી હોવાનું સાબિત કરવા માટે કોઈ ભૌતિક દસ્તાવેજ નથી. ત્રીજું કે, પ્રોજેક્ટ માટે જમીન સંપાદિત કરવામાં આવી હતી તે દર્શાવવા માટે કોઈ સામગ્રી જ નથી.રાજ્ય સરકાર અતિક્રમણની ચોક્કસ હદ જાહેર કરવામાં નિષ્ફળ રહી છે. નોટિફાઈડ હાઈવેની પહોળાઈ અને અરજદારની મિલકતની હદ, જે નોટિફાઈડ પહોળાઈની અંદર આવે છે. આવી સ્થિતિમાં કથિત અતિક્રમણ વિસ્તારની બહારના મકાનો તોડવાની જરૂર કેમ પડી? NHRC રિપોર્ટ જણાવે છે કે તૂટેલો ભાગ ૩.૭૫ મીટર કરતા ઘણો વધારે હતો.

### વિધાનસભામાં ઠરાવ પસાર કર્યો

# કલમ ૩૭૦ બહાલ કરવા કેન્દ્ર સાથે વાતચીત કરશે અબ્દુલ્લા સરકાર

## પ્રસ્તાવ પર ચર્ચા શરૂ થતાં જ વિધાનસભામાં વિપક્ષ ભાજપના સભ્યોએ તેનો ઉગ્ર વિરોધ વ્યક્ત કર્યો હતો

જમ્મુ,તા. ૬

કલમ ૩૭૦ની પુનઃસ્થાપના તરફ એક મહત્વપૂર્ણ પગલું ભરતા જમ્મુ-કાશ્મીરની ઓમર અબ્દુલ્લા સરકારે બુધવારે વિધાનસભામાં એક ઠરાવ પસાર કર્યો હતો. ઠરાવમાં કેન્દ્ર સરકારને જમ્મુ અને કાશ્મીરના વિશેષ દરજ્જાને ફરીથી લાગુ કરવા માટે ચૂંટાયેલા પ્રતિનિધિઓ સાથે વાતચીત કરવાની અપીલ કરવામાં આવી હતી. નાયબ મુખ્યપ્રધાન સુરિન્દર ચૌધરીએ રજૂ કરેલા આ પ્રસ્તાવમાં ૫ ઓગસ્ટ ૨૦૧૯ના રોજ હટાવવામાં આવેલી કલમ ૩૭૦ને પુનઃસ્થાપિત કરવાની માગ કરવામાં આવી હતી. ઠરાવમાં ભાર મૂકવામાં આવ્યો હતો કે રાજ્યના લોકોની ઓળખ, સંસ્કૃતિ અને અધિકારોનું રક્ષણ કરવા માટે જમ્મુ અને કાશ્મીરનો વિશેષ દરજ્જો અને બંધારણીય રક્ષણ જરૂરી છે. નાયબ મુખ્યમંત્રી ચૌધરીએ કહ્યું, ''કલમ ૩૭૦ને એકપક્ષીય રીતે હટાવવા પર ઊંડી ચિંતા છે અને જમ્મુ અને કાશ્મીરના લોકોની આકાંક્ષાઓને માન આપીને તેને રાષ્ટ્રીય એકતા સાથે સંતુલિત રાખીને તેને પુનઃસ્થાપિત કરવી જોઈએ.'' પ્રસ્તાવ પર ચર્ચા શરૂ થતાં જ વિધાનસભામાં વિપક્ષ ભાજપના સભ્યોએ તેનો ઉગ્ર વિરોધ વ્યક્ત કર્યો હતો. વિપક્ષના નેતા સુનીલ શર્માએ દલીલ કરી હતી કે પ્રસ્તાવને એજન્ડામાં સામેલ કરવામાં આવ્યો નથી અને તેને ગેરબંધારણીય ગણાવ્યો હતો. ''આ કાયદો દેશના સૌથી મોટા લોકતાંત્રિક મંદિર સંસદ દ્વારા પસાર કરવામાં આવ્યો છે,'' ભાજપના સભ્યોએ આક્રોશ વ્યક્ત કરતાં તેમણે ઠરાવની નકલો ફાડી નાખી, જેના કારણે ગૃહમાં ભારે હોબાળો થયો. હંગામા વચ્ચે, વિધાનસભાના અધ્યક્ષ અબ્દુલ રહીમ રાથેરે મતદાન માટે પ્રસ્તાવ મૂક્યો અને તેને પસાર કર્યો. ગૃહમાં ભાજપના વિરોધ અને હોબાળાને કારણે સ્પીકરે બેઠક ૧૫ મિનિટ માટે સ્થગિત કરી દીધી હતી. નોંધનીય છે કે જમ્મુ અને કાશ્મીરને વિશેષ દરજ્જો આપતી કલમ ૩૭૦ને ૫ ઓગસ્ટ, ૨૦૧૯ના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદીની આગેવાની હેઠળની સરકાર દ્વારા નાબૂદ કરવામાં આવી હતી અને રાજ્યને બે કેન્દ્રશાસિત પ્રદેશો જમ્મુ અને કાશ્મીર અને લદ્દાખમાં વિભાજિત કરવામાં આવ્યું હતું.

### ડોલર ઈન્ડેક્સ ચાર માસની ટોચે

# ટ્રમ્પની જીત ભારતીય સહિત અન્ય દેશોના ચલણ માટે નુકસાનકારક સાબિત થઈ

## યુએસ ફેડ વ્યાજ દરોમાં ઘટાડા અંગેની જાહેરાત કરી શકે

વોશિંગ્ટન, તા.૬

અમેરિકામાં રાષ્ટ્રપ્રમુખની ચૂંટણીમાં ડોનાલ્ડ ટ્રમ્પની જીત ભારતીય સહિત અન્ય દેશોના ચલણ માટે નુકસાનકારક સાબિત થઈ છે. ટ્રમ્પની જીતના અહેવાલો સાથે જ રૂપિયો ડોલર સામે ૧૫ પૈસા તૂટી ઓલટાઈમ લૉ ૮૪.૨૫ ના લેવલે પહોંચ્યો હતો.

ડોનાલ્ડ ટ્રમ્પની જીત સાથે જ તેની ફુગાવા આધારિત નીતિઓ ડોલરને વેગ આપશે તેવા સંકેતો સાથે ડોલર ઈન્ડેક્સ આજે બુધવારે ૧.૯ ટકા ઉછાળા સાથે ૧૦૫.૩૦ના ચાર માસની ટોચના લેવલે પહોંચ્યો છે. પરિણામે અન્ય એશિયાઈ અને યુરોપિયન કરન્સી નબળી પડી હતી. ચૂંટણીની અનિશ્ચિતતાઓના કારણે છેલ્લા કેટલાક સમયથી ડોલર ઈન્ડેક્સ પ્રેશરમાં હતો. યુએસ ૧૦ વર્ષની યીલ્ડ પણ ૧૭ બેઝિસ પોઈન્ટ વધી ૪.૪૪ ટકાના સ્તરે પહોંચી છે. જે રૂપિયા પર પ્રેશર વધારશે.

યુએસ ફેડ આ સપ્તાહના અંત સુધીમાં બેઠક યોજી વ્યાજના દરોમાં ઘટાડા અંગેની જાહેરાત કરી શકે છે. ૨૦૨૫ માટે યુએસ ફેડ વ્યાજના દરો ૧૦૦ બેઝિસ પોઈન્ટ સુધી ઘટાડે તેવી શક્યતાઓ અર્થશાસ્ત્રીઓએ વ્યક્ત કરી છે.

અગ્રેસિવ મૂડમાં કામ કરનારા ડોનાલ્ડ ટ્રમ્પની જીત સાથે ઈરાનની કરન્સી પણ ડોલર સામે તળિયે ઝાટક થઈ છે. ઈરાનના રિયાલ ડોલર સામે તૂટી ૭૦૩૦૦૦ ના ઐતિહાસિક તળિયે પહોંચ્યો છે. ઈઝરાયલના સમર્થક ગણાતા અમેરિકામાં ટ્રમ્પની જીતથી ઈરાન પર પ્રતિકૂળ અસરો થવાની ભીતિ સાથે કરન્સી કડડભૂસ થઈ છે. ડોલર સામે અન્ય એશિયન કરન્સીમાં જાપાનનો યેન ૧.૫૪ ટકા, સિંગાપોર ડોલર ૧.૧૯ ટકા, થાઈલેન્ડનો થાઈ બાહ્ટ ૧.૬૪ ટકા, ચીનનો યુઆન ૦.૭૪ ટકા તૂટ્યો છે.

### ભાજપે ૪૦ બળવાખોરોને તગેડી મૂક્યા

# મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણી પહેલાં ભાજપની કાર્યવાહી

**આ તમામ નેતાઓ ૩૭ વિધાનસભા મતવિસ્તારોમાં ભારતીય જનતા પાર્ટીને નુકસાન પહોંચાડી રહ્યા હતા**

મુંબઈ, તા.૬

મહારાષ્ટ્રમાં ભાજપે વિધાનસભા ચૂંટણી પહેલા જ બળવાખોર નેતાઓ સામે મોટી કાર્યવાહી કરી છે. પાર્ટીએ શિસ્તભંગના આરોપો હેઠળ ૪૦ નેતાઓની હકાલપટ્ટી કરી દીધી છે. આ તમામ નેતાઓ ૩૭ વિધાનસભા મતવિસ્તારોમાં પાર્ટીને નુકસાન પહોંચાડી રહ્યા હતા. મહાયુતિએ તેનો મેનિફેસ્ટો જાહેર કર્યા બાદ આ કાર્યવાહી કરી હતી. ભાજપમાં બળવાખોરો ઘણી બેઠકો પર પાર્ટી માટે મોટો પડકાર બની ગયા છે. ટિકિટ ન મળવાથી નારાજ બળવાખોર નેતાઓમાં બે પૂર્વ સાંસદો પણ સામેલ હતા. નંદુરબારથી હીના ગાવિત અને જલગાંવથી એટી પાટીલ પાર્ટી માટે મુશ્કેલી ઊભી કરી રહ્યા હતા. હીના ગાવિત ૨૦૧૪ અને ૨૦૧૯માં બે વખત નંદુરબારથી સાંસદ રહી ચૂકી છે. ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં તે કોંગ્રેસના ગોવાલ પાડવી સામે હારી ગઈ હતી. આવી સ્થિતિમાં તે હવે ધારાસભ્ય બનવા માંગતી હતી. પરંતુ ટિકિટ ન મળતાં તે નારાજ થઈ ગઈ હતી અને અપક્ષ ઉમેદવાર તરીકે દાવો ઠોક્યો હતો. જ્યારે એટી પાટીલ પણ જલગાંવ વિધાનસભા બેઠક પરથી પાર્ટી માટે મુશ્કેલીનું કારણ બન્યા છે. લોકસભા હાર્યા બાદ એ.ટી. પાટીલને પણ પાર્ટી તરફથી વિધાનસભામાં ટિકિટની આશા હતી, પરંતુ પાર્ટીએ બીજા કોઈને પોતાનો ઉમેદવાર બનાવ્યો. અત્યાર સુધી ભાજપના બળવાખોરો રાજ્યમાં ૩૦ સીટો પર અપક્ષ ઉમેદવાર તરીકે ચૂંટણી લડી રહ્યા છે.

### ડિસેમ્બરમાં હાડ થીજવતી ઠંડી પડી શકે છે

# એવું તે શું થયું કે ગુજરાતમાં આ વર્ષે નથી પડતી કડકડતી ઠંડી!

**સામાન્ય રીતે નવેમ્બરની શરૂઆતથી જ એટલે કે દિવાળી બાદ ગુજરાતમાં ગુલાબી ઠંડીની શરૂઆત થઈ જતી હોય છે**

અમદાવાદ, તા.૬

હાલ ગુજરાતની સ્થિતિ જોઈએ તો દિવસ દરમિયાન ગરમીનો અનુભવ થાય છે. જ્યારે રાત્રે સામાન્ય ઠંડીનો અનુભવ થઈ રહ્યો છે.

જો કે, અગાઉના વર્ષોમાં નવેમ્બર મહિનામાં ઠંડીનો જે માહોલ જામતો હતો તે આ વર્ષે નથી જામ્યો. નવેમ્બરના પહેલા બે અઠવાડિયા સુધી આવી જ સ્થિતિ રહેશે. જો કે, ડિસેમ્બરમાં હાડ થીજવતી ઠંડી પડશે. સામાન્ય રીતે નવેમ્બર મહિનાની શરૂઆતથી જ એટલે કે દિવાળી બાદ ગુજરાતમાં ગુલાબી ઠંડીની શરૂઆત થઈ જતી હોય છે. પરંતુ આ વર્ષેને પગલે ચોમાસું લાંબુ ખેંચાયું હતું. જેને કારણે ચોમાસા બાદ સંપૂર્ણ ઓક્ટોબર મહિનામાં અત્યંત ભારે ગરમીનું વર્તાયો હતો. ત્યારબાદ નવેમ્બર મહિનાની શરૂઆતથી જ રાત્રિ દરમિયાન રાજ્યના કેટલાક વિસ્તારમાં સામાન્ય ઠંડીનો અનુભવ થઈ રહ્યો છે, પરંતુ હવામાન વિભાગની આગાહી મુજબ નવેમ્બર મહિનાનું પ્રથમ પખવાડ્યું જોઈએ તેવી ઠંડી રહેશે નહીં.

હવામાન વિભાગ અનુસાર ઓક્ટોબર મહિનામાં આ વર્ષે તમામ રેકોર્ડને તોડતા સૌથી વધુ મહત્તમ તાપમાન રહ્યું હતું. દેશભરમાં ઓક્ટોબર મહિનો વર્ષ ૨૦૨૪ માટે મહત્તમ તાપમાન વધુ રહ્યું હતું, જેને કારણે ચોમાસા બાદ ફરી એક વખત ઉનાળો શરૂ થયો હોય તેવી સ્થિતિ દેશવાસીઓ સહિત ગુજરાતમાં રહેતા લોકોએ અનુભવ્યું હતું.

નવેમ્બર મહિનાની શરૂઆતથી જ રાજયના લઘુત્તમ તાપમાનમાં સામાન્ય ઘટાડો થતાં મધરાત્રિથી લઈને વહેલી સવાર સુધી સામાન્ય ઠંડીનો અનુભવ થાય છે. જે નવેમ્બર મહિનાના પ્રથમ સપ્તાહ અને બીજા સપ્તાહમાં યથાવત રહેશે, ત્યારબાદ ધીમેધીમે ઠંડીની શરૂઆત થવાની શક્યતાઓ હવામાન વિભાગે વ્યક્ત કરી છે.

### કેન્દ્ર સરકાર દ્વારા જારી મોડ્યુલર સર્વેનું તારણ

# દેશભરમાંથી પ્રત્યેક રાજ્યમાં ૧ લાખ દીઠ ૨૪૨૧૪ પુરૂષો ઉધાર લે છે

**મહિલાઓમાં ઉધાર લેવાનો રેશિયો અડધો ૧૨૨૭૫ છે**

નવી દિલ્હી, તા.૬

વિશ્વભરમાં સદીઓથી ઉધારનું ચલણ જોવા મળ્યું છે. પહેલાં લોકો સગા-સંબંધી, આડોશ-પાડોશમાંથી ઉધાર લેવડ-દેવડ કરતાં હતાં, હવે આધુનિક સમયમાં તેમનું સ્થાન બેન્કોએ લીધું છે. બેન્કો અને નાણાકીય સંસ્થાઓ અમુક ચોક્કસ વ્યાજ સાથે ઉધાર પેટે લોન આપે છે. પરંતુ આ ઉધારીના વ્યવહાર પર મહિલાઓનો વિશ્વાસ અડધો છે.

કેન્દ્ર સરકાર દ્વારા જારી મોડ્યુલર સર્વે અનુસાર, દેશભરમાંથી પ્રત્યેક રાજ્યમાં ૧ લાખ દીઠ ૨૪૨૧૪ પુરૂષો ઉધાર લે છે, જ્યારે મહિલાઓમાં ઉધાર લેવાનો રેશિયો અડધો ૧૨૨૭૫ છે. જેમાં ગ્રામીણ વિસ્તારમાં દર લાખની વસ્તીમાંથી ૨૪૩૨૨ પુરૂષો ઉધાર લેવડદેવડ કરે છે, તેની સામે ૧૩૦૧૬ ગ્રામીણ મહિલાઓ ઉધાર લે છે. શહેરી વિસ્તારમાં ૨૩૯૭૫ પુરૂષો અને ૧૦૫૮૪ મહિલાઓ ઉધાર લે છે. ગુજરાતમાં દર લાખની વસ્તી પર માત્ર ૩ ટકા મહિલાઓ ઉધાર લે છે. ગુજરાતમાં દર લાખની વસ્તીએ ૧૭૮૮૮ પુરૂષોની સામે માત્ર ૩૨૯૬ મહિલાઓ ઉધાર લેતી જોવા મળી છે. ઉલ્લેખનીય છે, કે ગુજરાતમાં ગ્રામીણ મહિલાઓની તુલનાએ શહેરી મહિલાઓમાં ઉધાર લેવાનું પ્રમાણ ઓછું જોવા મળ્યું છે. ગુજરાતમાં શહેરમાં ૩૧૬૧ મહિલાઓ જ્યારે ગ્રામીણ વિસ્તારોમાં ૩૩૯૫ મહિલાઓ ઉધાર લે છે. ઉધારમાં લેવડદેવડ મામલે આંધ્રપ્રદેશની મહિલાઓ દેશભરમાં અગ્રેસર છે. કોમ્પ્રેહેન્સિવ એન્યુઅલ મોડ્યુલર સર્વે ૨૦૨૨-૨૩ના સર્વેમાં આંધ્રપ્રદેશની સરેરાશ ૬૦૦૪૩ મહિલાઓએ ઉધાર લીધછે. જેમાં ગ્રામ્ય વિસ્તારમાં ૬૦૪૨૭ પુરૂષોની તુલનાએ ૬૪૯૫૩ મહિલાઓએ ઉધાર લીધું છે. નોંધનીય છે, દેશના શિક્ષિત રાજ્યોમાં મહિલાઓમાં લોન-ઉધાર લેવાનું પ્રમાણ વધુ છે.

### પરીક્ષા બાબતે કમિટીની રચના

# લર્નિંગ લાઈસન્સ માટે હવે વાહન ચાલકોએ નહીં ખાવા પડે ધક્કા

**લર્નિંગ લાઈસન્સ ઈશ્યું કરવા આઈટીઆઈ તથા પોલિટેકનિકમાં બંધ કરવાની વિચારણા કરાઈ રહી છે**

ગાંધીનગર, તા.૬

લર્નિંગ લાઈસન્સ સંદર્ભે એક મહત્વપૂર્ણ સમાચાર સામે આવી રહ્યા છે. વાહન વ્યવહાર વિભાગ દ્વારા લર્નિંગ લાઈસન્સ ઈશ્યું કરવા બાબતે પુન: અવલોકન કરવાનું નક્કી કરવામાં આવ્યું છે. જી હા... લર્નિંગ લાઈસન્સ ઈશ્યું કરવા આઈટીઆઈ તથા પોલિટેકનિકમાં બંધ કરવાની વિચારણા કરવામાં આવી રહી છે. બીજી બાજુ હયાત નીતિ સંદર્ભે પુન: અવલોકન કરવા વિચારણા ચાલી રહી છે. આ સમગ્ર બાબતે ઓનલાઈન લર્નિંગ લાઈસન્સ પરીક્ષા બાબતે કમિટીની રચના કરવામાં આવી રહી છે. હયાત લર્નિંગ લાઈસન્સ પદ્ધતિમાં ફેરફાર સંદર્ભે નિર્ણય બાદ ઓનલાઈન પદ્ધતિ માટે કમિટી સમીક્ષા કરશે. વાહન વ્યવહાર વિભાગ દ્વારા કમિટીની રચના કરવામાં આવી છે. RTO પરથી કામગીરીનું ભારણ દૂર કરવા ITI માંથી કામગીરી હાથ ધરવાનો નિર્ણય લીધો હતો. આ માટે ITIના સ્ટાફને ખાસ તાલીમ પણ આપવામાં આવી હતી. તમને જણાવી દઈએ કે લર્નિંગ લાયસન્સ માટે લોકોને ITI અને પોલિટેકનિકમાં જવું પડતું હતું. આ સંદર્ભે વાહનવ્યવહાર વિભાગ દ્વારા લર્નિંગ લાયસન્સની પરીક્ષાને લઈને એક સમિતિની રચના કરવામાં આવી છે.

આ સાથે જ વાહનવ્યવહાર વિભાગ દ્વારા ઓનલાઈન લર્નિંગ લાયસન્સ પરીક્ષાને લઈને કમિટીની રચના કરવામાં આવી રહી છે. હયાત લર્નિંગ લાયસન્સ સિસ્ટમમાં ફેરફાર અંગેના નિર્ણય બાદ કમિટી ઓનલાઈન સિસ્ટમની સમીક્ષા કરશે. વાહનવ્યવહાર વિભાગ દ્વારા એક સમિતિની રચના કરવામાં આવી છે.

### ભારતમાં ઓક્ટોબરમાં ગરમીનો ૧૨૩ વર્ષનો રેકોર્ડ તૂટયો

# નવેમ્બર શરૂ છતાં પણ ઘરે એસી ચાલુ રાખવાની નોબત

**ઓક્ટોબર મહિનામાં સામાન્ય કરતાં ૧.૨૩ ડિગ્રી વધારે સરેરાશ ૨૬.૯૨ ડિગ્રી તાપમાન નોંધાયું : નવેમ્બર મહિનામાં પણ ખાસ ઠંડી નહીં વર્તાય**

મુંબઈ, તા.૬

હવામાન વિભાગે એવી ચિંતાજનક જાહેરાત કરી છે કે ભારતમાં ૨૦૨૪નો ઓક્ટોબર છેલ્લાં ૧૨૩ વર્ષનો સૌથી ઉનો અને અકળાવાનારો રહ્યો છે.એટલે ભારતમાં નવેમ્બરમાં પણ કદાચ ઠંડીનો ગમતીલો અનુભવ થવાની શક્યતા ઓછી છે.

હવામાન વિભાગના ડાયરેકટર જનરલ ડો.મૃત્યુંજય મોહપાત્રે એક ખાસ પત્રકાર પરિષદમાં એવી માહિતી આપી છે કે પેસિફિક મહાસાગરના પ્રવાહોમાં અલ - નીનો(પેસિફિક મહાસાગરના ગરમ પ્રવાહોને અલ- નીનો, જયારે ઠંડા પ્રવાહોને લા- નીના કહેવાય છે)ની અસરને કારણે ભારતમાં શિયાળાની મોસમના આગમનમાં કદાચ વિલંબ થાય તેવા સંકેત મળે છે. લા-નીના પ્રવાહોની અસર જોકે આવતા ડિસેમ્બર બાદ તબક્કાવાર અનુભવવા મળે તેવી પણ શક્યતા છે. ભારતમાં ૧૯૦૧ બાદ ૨૦૨૪નો ઓક્ટોબર સૌથી હોટ રહ્યો છે. સરળ રીતે સમજીએ તો આ વર્ષના ઓક્ટોબરમાં સરેરાશ તાપમાન ૨૬.૯૨ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું છે.આ સરેરાશ તાપમાન સામાન્ય તાપમાન કરતાં ૧.૨૩ ડિગ્રી સેલ્સિયસ ડિગ્રી વધુ છે. આ કુદરતી પરિબળોની અસરને કારણે ૨૦૨૪ના નવેમ્બરમાં ભારતીયો કદાચ ગમતીલા ઠંડા શિયાળાનો આનંદ નહીં માણી શકે તેવી સંભાવના છે.

ડો.મૃત્યુંજય મોહપાત્રે એવી માહિતી પણ આપી છે કે હાલ વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના ચક્ર શરૂ નહીં થયું હોવાથી ,પૂર્વના પવનો ફૂંકાતા હોવાથી, બંગાળના ઉપસાગરમાં હવાના હળવા દબાણનું કેન્દ્ર(લો --પ્રેશર) વગેરે પરિબળોની વ્યાપક અસરથી હાલ ભારતમાં ઉનાળા જેવા હોટ હોટ માહોલની અસરનો અનુભવ થઈ રહ્યો છે. અગાઉ વર્લ્ડ મિટિયોરોજીકલ ઓર્ગેનાઈઝેશન (વિશ્વ હવામાન સંગઠન) સહિત યુરોપિયન યુનિયન કલાઈમેટ એજન્સી કોપરનીકસના વિજ્ઞાનીઓએ ગંભીર ચેતવણી આપી છે કે ૨૦૨૪નો ફેબ્રુઆરી મહિનો ભારત સહિત સમગ્ર વિશ્વ માટે અતિ ગરમ અને ઉકળતો રહ્યો છે. ૨૦૨૪ના ફેબ્રુઆરીમાં એવરેજ ગ્લોબલ સરફેસ એર ટેમ્પરેચર(જમીન પર વહેતી હવાનું સરેરાશ તાપમાન) ૧૩.૫૪ સેલ્સિયસ ડિગ્રી(૫૬.૪ ફેહરનહેઈટ) રહ્યું હતું. આ સરફેસ એર ટેમ્પરેચર ૧૯ મી સદીની ઔદ્યોગિ ક્રાંતિ બાદના ફેબ્રુઆરીના સરેરાશ સરફેસ એર તાપમાન કરતાં ૧.૭૭ સેલ્સિયસ ડિગ્રી વધુ નોંધાયું છે. ચિંતાજનક ફેરફાર તો એ થયો છે કે ૨૦૨૩-૨૪ના છેલ્લા નવ મહિના દરમિયાન પૃથ્વીનો વિરાટ ગોળો ગરમ રહ્યો છે. આટલું જ નહીં, સમગ્ર વિશ્વના મહાસાગરોની અને સમુદ્રોની સપાટીનું તાપમાન પણ ચિંતાજનક રીતે વધી રહ્યું છે. વર્લ્ડ મિટિયોરોજીકલ ઓર્ગેનાઈઝેશન(વિશ્વ હવામાન સંગઠન) સહિત યુરોપિયન યુનિયન કલાઈમેટ એજન્સી કોપરનીકસના વિજ્ઞાનીઓએ આવી ગંભીર ચેતવણી આપી છે.

વિશ્વ હવામાન સંગઠને ચિંતા વ્યક્ત કરતાં કહ્યું છે કે ૨૦૨૪માં પૃથ્વીના ઉત્તર ગોળાર્ધનો શિયાળો હોટ, જ્યારે દક્ષિણ ગોળાર્ધનો ઉનાળો અતિ આકરો રહ્યો છે. સૂર્યની ઉત્તરાયણની અને દક્ષિણાયનની કુદરતી ગતિવિધિ મુજબ પૃથ્વીના ઉત્તર ગોળાર્ધમાં ઉનાળો હોય ત્યારે દક્ષિણ ગોળાર્ધમાં શિયાળો હોય. પૃથ્વીના દક્ષિણ ગોળાર્ધમાં શિયાળો હોય ત્યારે ઉત્તર ગોળાર્ધમાં ઉનાળો હોય. ફેબ્રુઆરીમાં તો આખા યુરોપમાં,ઉત્તર -દક્ષિણ અમેરિકા, આફ્રિકાના વાયવ્ય -અગ્નિ હિસ્સા, અગ્નિ એશિયા, ઓસ્ટ્રેલિયાનો પશ્ચિમ હિસ્સો વગેરેમાં ભારે અકળાવનારી ગરમીનો અનુભવ થયો છે.

બ્રિટનની બર્કલી યુનિવર્સિટીના અર્થ સાયન્ટિસ્ટ ઝેક હોસફાધર અને તેમની ટીમે કરેલા અભ્યાસની વિગતો દ્વારા જાણવા મળે છે કે ભારત સહિત સમગ્ર વિશ્વમાં ૨૦૨૪ના ફેબ્રુઆરી મહિનામાં મહત્તમ તાપમાનનો પારો વધુ ઉંચો નોંધાયો છે. ૨૦૨૪નો જાન્યુઆરી પણ ગરમ રહ્યો છે. વળી,૨૦૨૩ના મે થી નવેમ્બર સુધીના નવ મહિનામાં પણ સરેરાશ તાપમાન ઉચું રહ્યું છે.

### ભાજપના નેતાએ આબરુ રાખી લીધી

# ફંડ ન મળ્યું તો બાપ દાદાની જમીન વેચી લોકો માટે તળાવ બનાવી દીધું

ભિલાઈ, તા.૬

છત્તીસગઢના દુર્ગ જિલ્લાના ભિલાઈના બૈકુંઠ ધામનું સૂર્યકુંડ તળાવ આ વખતે છઠ પૂજા માટે તૈયાર થઈ ગયું છે. હવે બૈકુંઠધામ તળાવ ન ફક્ત છઠ પૂજા, તીજ સહિતના બીજા તહેવારોમાં પણ કામમાં આવશે. આ બધું એટલા માટે શક્ય બન્યું કેમ કે ચૂંટણીના સમયે વૈશાલી નગરથી ભાજપના ઉમેદવાર રાકેશ સેને ગંગાજળ લઈને કસમ ખાધી હતી કે જો ધારાસભ્ય બની જશો તો તળાવ બનાવી આપશે અને તેનું સૌંદર્યીકરણ કરશે, જેથી છઠ પૂજા માટે કોઈને તકલીફ ન પડે. આખી ઘટના એવી છે કે વિધાનસભા ચૂંટણીમાં ભાજપના વૈશાલીનગરથી કોર્પોરેટર રાકેશ સેનને ઉમેદવાર બનાવ્યા હતા.

આ દરમ્યાન બૈકુંઠ ધામમાં એક ચૂંટણી સભા દરમ્યાન ગોરખપુરથી સાંસદ તથા ભોજપુરી અભિનેતા રવિ કિશનની સભામાં નિગમના પૂર્વ સભાપતિ રાજેન્દ્ર અરોરાએ સૂર્ય કુંડ તળાવને વિકસિત અને સારું બનાવવાનું જીવનમાં એક મોટું સપનું જોયું હોવાની વાત કરી હતી, અને કેટલાય વર્ષોથી તે પેન્ડિંગ કામ છે, જે ખૂબ જ જરૂરી છે. પછી તો શું થાય ભાજપના ઉમેદવાર રાકેશ સેને ગંગાજળ લઈને અધૂરા બનેલા સૂર્ય કુંડ તળાવને બનાવવાની કસમ ખાધી. ત્યાર બાદ ચૂંટણી પૂરી થઈ અને ડિસેમ્બર ૨૦૨૩માં રાકેશ સેન ચૂંટણી જીતીને વૈશાલી નગરથી ભાજપના ધારાસભ્ય બની ગયા. તેમણે તાત્કાલિક નિગમ તથા જિલ્લા પ્રશાસનના અધિકારીઓને સૂર્ય કુંડ બનાવવાની પહેલ કરી તો લાગ્યું કે તળાવ બનાવવા માટે પ્રશાસન તરફથી કોઈ ફંડ મળ્યું નથી. તમામ ટેક્નિકલી તકલીફો આ પ્રકારના સંકલ્પોમાં આવતી હોય છે. ત્યારે ધારાસભ્ય રાકેશ સેને ગંગાજળની કસમનો હવાલો આપતા પોતાના ગામની ૯૦ લાખની બાપ-દાદાની જમીન વેચી દીધી. ત્યાર બાદ લોકોએ સહયોગ કર્યો અને બૈકુંઠ ધામનો સૂર્યકુંડ તળાવ બનીને તૈયાર થઈ ગયું.

### ૧૫૭૪ ખેલાડીઓએ કરાવ્યું રજીસ્ટ્રેશન

# IPL ૨૦૨૫ ઓક્શન તારીખની થઈ જાહેરાત

નવી દિલ્હી, તા.૬

IPL 2025 ની મેગા ઓક્શન ક્યાં યોજાશે તે પ્રશ્ન સમાચારોમાં રહે છે. કેટલાક મીડિયા રિપોર્ટ્સમાં કહેવામાં આવ્યું હતુ કે મેગા ઓક્શન પ્રોગ્રામનું આયોજન સાઉદી અરેબિયાના રિયાધમાં કરવામાં આવશે. પરંતુ હવે સત્તાવાર રીતે જાહેરાત કરવામાં આવી છે કે હરાજી પ્રક્રિયા ૨૪-૨૫ નવેમ્બરે રિયાધમાં નહીં પરંતુ જેદ્દાહમાં હાથ ધરવામાં આવશે. કહેવામાં આવ્યું હતું કે હરાજીમાં માત્ર ૨૦૪ સ્લોટ ખાલી છે, જેના માટે એક હજારથી વધુ ખેલાડીઓ પોતાનો દાવો રજૂ કરશે.

મેગા ઓક્શન હવે રિયાધને બદલે જેદ્દાહમાં થશે અને હરાજીની તારીખમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. આ અંગે તમામ ફ્રેન્ચાઈઝીને જાણ કરવામાં આવી છે. ૩૨૦ કેપ્ડ પ્લેયર્સ, ૧૨૨૪ અનકેપ્ડ પ્લેયર્સ અને એસોસિયેટ દેશોના ૩૦ પ્લેયર્સ હરાજીમાં પ્રવેશવાના છે. પરંતુ તેમાંથી માત્ર ૨૦૪ ખેલાડીઓ જ ખરીદી શકાશે. આ આંકડો તમને આશ્ચર્યચકિત કરી શકે છે કે IPL મેગા ઓક્શન માટે કુલ ૧,૫૭૬ ખેલાડીઓએ નોંધણી કરાવી છે. આઈપીએલની તમામ ૧૦ ટીમોએ ૩૧ ઓક્ટોબરના રોજ પોતપોતાની રિટેન્શન લિસ્ટ બહાર પાડી હતી. મેગા ઓકશન પહેલા કુલ ૪૬ ખેલાડીઓને રિટેન કરવામાં આવ્યા હતા, જેના પર કુલ ૫૫૮.૫ કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. રિટેન કરાયેલા ખેલાડીઓમાં હેનરિક ક્લાસેન સૌથી મોંઘો હતો, જેને સનરાઈઝર્સ હૈદરાબાદે રૂ. ૨૩ કરોડમાં રિટેન કર્યો હતો. બીજી તરફ, વિરાટ કોહલી IPL ઈતિહાસમાં સૌથી વધુ રકમ માટે રિટેન થનાર ખેલાડી બની ગયો છે. તેને રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર (RCB)એ ૨૧ કરોડ રૂપિયામાં જાળવી રાખ્યો છે. રાજસ્થાન રોયલ્સ અને કોલકાતા નાઈટ રાઈડર્સ એવી બે ટીમ છે જેણે તમામ ૬ ખેલાડીઓને રિટેન કર્યા છે. આ ટીમો હવે હરાજીમાં રાઈટ ટુ મેચ કાર્ડનો ઉપયોગ કરી શકશે નહીં. મુંબઈ ઈન્ડિયન્સ, ચેન્નાઈ સુપર કિંગ્સ, લખનૌ સુપર જાયન્ટ્સ, સનરાઈઝર્સ હૈદરાબાદ અને ગુજરાત ટાઈટન્સે પાંચ-પાંચ ખેલાડીઓને જાળવી રાખ્યા છે, તેથી આ ટીમોને કોઈપણ એક ખેલાડી પર રાઈટ ટુ મેચ કાર્ડનો ઉપયોગ કરવાની પરવાનગી હશે.

આ દરમિયાન પંજાબ કિંગ્સે માત્ર ૨ ખેલાડીઓને રિટેન કરીને સૌને ચોંકાવી દીધા હતા. રિષભ પંત, જોસ બટલર, કેએલ રાહુલ અને શ્રેયસ અય્યર જેવા મોટા ખેલાડીઓ મેગા ઓક્શનમાં સામેલ થવા જઈ રહ્યા છે.


જય કુળદેવી માં | જય સુરાપુરા દાદા

ચાંદલા વિધી

સ્નેહી સ્વજન

સહર્ષ ખુશાલી સાથે જણાવવાનું કે અમારા કુળદેવી માં ની અસીમ કૃપાથી અ.સૌ. કિરણબેન તથા શ્રી શૈલેષભાઈ નાથાભાઈ ઉકાણી ની સુપુત્રી

ચિ.પ્રજ્ઞા ચિ.વિકાસ

અ.સૌ. નયનાબેન તથા શ્રી રમેશભાઈ ગોબરભાઇ આસોદરીયા ના સુપુત્ર સાથે સવંત ૨૦૮૧, કારતક સુદ છઠ્ઠને ગુરૂવાર ના રોજ તા.૭/૧૧/૨૦૨૪ ના રોજ સવારે ૧૦ કલાકે રાખેલ છે


### અમેરિકા-રશિયા સંબંધો પર આપ્યું મોટું નિવેદન

# ટ્રમ્પને જીતની શુભકામનાઓ આપવાની પુતિને ના પાડી દીધી

**ક્રેમલિને કહ્યું કે, તેઓ અમેરિકી રાષ્ટ્રપતિ ચૂંટણીમાં જીતનો દાવો કરનારા ડોનાલ્ડ ટ્રમ્પને તેમના કામના આધાર પર રાખશે**

નવી દિલ્હી, તા.૬

ડોનાલ્ડ ટ્રમ્પ ફરી એક વાર અમેરિકાના રાષ્ટ્રપતિ બનતા દેખાઈ રહ્યા છે. જો કે હાલમાં તેમની સત્તાવાર જાહેરાત કરવામાં આવી નથી, પણ રાષ્ટ્રપતિ ચૂંટણીના પરિણામથી ચિત્ર સ્પષ્ટ થતું દેખાઈ રહ્યું છે. દુનિયાભરના નેતા ટ્રમ્પને જીતની શુભકામનાઓ આપી રહ્યા છે. પણ આ દરમિયાન રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને એક ચોંકાવનારું નિવેદન આપ્યું છે. પુતિને કહ્યું કે, તેઓ હાલમાં ટ્રમ્પને જીતની શુભકામના નહીં આપે. ક્રેમલિન તરફથી કહેવાયું છે કે, તેઓ ટ્રમ્પની નીતિઓ જોયા બાદ જ તેમને શુભકામના આપવા વિશે વિચારશે. ક્રેમલિનનું કહેવું છે કે, ટ્રમ્પના રાષ્ટ્રપતિ પદનું મૂલ્યાંકન ઠોસ કદમોના આધાર પર કરવામાં આવશે. ક્રેમલિને કહ્યું કે, તેઓ અમેરિકી રાષ્ટ્રપતિ ચૂંટણીમાં જીતનો દાવો કરનારા ડોનાલ્ડ ટ્રમ્પને તેમના કામના આધાર પર રાખશે. ક્રેમલિનના પ્રવક્તા દિમિત્રી પેસકોવે પત્રકારોને કહ્યું કે, ‘‘અમે ટ્રમ્પની નીતિઓના આધાર પર નિર્ણય કરીશું. ટ્રમ્પને શુભકામના આપવાની રાષ્ટ્રપતિની યોજના વિશે જાણકારી નથી, કારણ કે અમેરિકા એક અમિત્ર દેશ છે.’’

જો કે યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોડિમિર ઝેલેન્સ્કીએ ટ્રમ્પને શુભકામના આપી અને આગળ જતાં યુક્રેનનું સમર્થન કરવાની વાત પણ કહી દીધી. ઝેલેન્સ્કીએ કહ્યું કે, તેઓ ટ્રમ્પના એ કથનનું સમર્થન કરે છે, જેમાં તેઓ તાકાતના દમ પર શાંતિ લાવવાની વાત કહે છે. ઝેલેન્સ્કીએ કહ્યું કે, ‘‘મને સપ્ટેમ્બરમાં થયેલી રાષ્ટ્રપતિ ટ્રમ્પ સાથે અમારી શાનદાર બેઠક યાદ આવે છે. જ્યારે અમે યુક્રેન અને અમેરિકાની રણનીતિક ભાગીદારી, જીતની યોજના અને યુક્રેન વિરુદ્ધ રશિયાની આક્રમકતાને ખતમ કરવાના ઉપાય પર વિસ્તારથી ચર્ચા કરી હતી.’’

અમેરિકન ચૂંટણીમાં ટ્રમ્પનો સાથ આપવાના આરોપ રશિયા પર લાગતા રહ્યા છે. રશિયા પર ૨૦૧૬ અને ૨૦૨૦ની ચૂંટણીમાં ટ્રમ્પને મદદ કરવાનો આરોપ લાગતો રહ્યો છે. રશિયન રાષ્ટ્રપતિ પુતિન માટે ટ્રમ્પનું સત્તામાં રહેવું ફાયદાકારક છે. તેના કારણ પણ છે. હકીકતમાં બાઈડેન સરકાર રશિયા પ્રત્યે કડક રહી છે. જંગ શરૂ થયા બાદથી બાઈડેન સરકારે યુક્રેનને ન ફક્ત આર્થિક પણ સૈન્ય તરીકે પણ મદદ કરી રહી છે.

### વાવ બેઠક પર પેટા ચૂંટણીનો ત્રિપાંખિયો જંગ

# ભાજપનો જ નહીં, પાટીલનો પાવર ઉતારવાનો છે : માવજી પટેલ

**અપક્ષ નેતા માવજી પટેલે કમળનું ટેન્શન વધાર્યું**

વાવ, તા.૬

બનાસકાંઠાની વાવ બેઠક પર પેટાચૂંટણીનો ત્રિપાંખિયો જંગ જામ્યો છે. ભાજપના ઉમેદવાર સ્વરૂપ ઠાકોર, કોંગ્રેસના ગુલાબસિંહ રાજપૂત અને અપક્ષ ઉમેદવાર માવજી પટેલ વચ્ચે રસાકસીભરી ચૂંટણી યોજાવવા જઈ રહી છે. બળવો કરી અપક્ષ ઉમેદવારી નોંધાવનારા માવજી પટેલ હવે પાટીલ સાથે આરપારની લડાઈ લડવાના મૂડમાં છે. પ્રચાર વખતે માવજી પટેલે જાહેરમાં કહ્યું કે, મારે ભાજપનો જ નહીં, સી.આર.પાટીલનો પાવર ઉતારવો છે. તેમણે ચિમકી પણ આપી કે, હું ભાજપનો સૈનિક હોવા છતાંય ભાજપે મારી અવગણના કરી છે. પણ ભાજપને આ બધુંય ભારે પડશે. આ તરફ, ભાજપે વાવ બેઠક જીતવા મંત્રી-નેતાઓની ફોજ ઉતારી દીધી છે.

વાવ બેઠક પર ભાજપ, કોંગ્રેસ અને અપક્ષ ઉમેદવાર પૂરજોશમાં પ્રચાર કરી રહ્યાં છે. ચૂંટણી જીતવા બધાયે એડીચોટીનું જોર લગાવી રહ્યા છે. બળવાખોર અને અપક્ષ ઉમેદવાર માવજી પટેલ શક્તિ પ્રદર્શન કરી ભાજપ પર નિશાન સાધી રહ્યાં છે. માવજી પટેલે જાહેર સભામાં ગૃહમંત્રી હર્ષ સંઘવી પર ટોણો માર્યો કે, સચિવાલયમાં ગૃહમંત્રીને મળવું હોય તો એપોઈટમેન્ટ લેવી પડે. ગૃહમંત્રીને મુલાકાતીઓને મળવાનો સમય પણ નથી. આજે પેટાચૂંટણી આવી છે ત્યારે ગૃહમંત્રી ઘેર ઘેર ફરી રહ્યાં છે અને મત માંગી રહ્યાં છે. આ સત્ય અને અસત્યની લડાઈ છે. જયારે જયારે ચૂંટણી આવી છે. ઉમેદવારોને જીતાડવા ભાજપના પડખે ઉભા રહ્યાં છીએ પરંતુ વાવની બેઠક પર ટિકિટની વહેંચણીનો વારો આવ્યો ત્યારે પાટીલ સાહેબે તો હાથ જ ઊંચા કરી દીધા. એટલુ જ નહીં. એવુ કહી દીધું કે, દિલ્લીથી રત્નાકરને વાવની જવાબદારી સોંપાઈ છે તો નિર્ણય પણ એ જ લેશે. સરપંચે પણ મોવડી મંડળને કહ્યું કે, માવજીભાઈને ટિકિટ આપો, અમે કાગળિયા તેમના હાથમાં પકડાવી દીધા પણ, જાણે રત્નાકર ભગવાન હોય તેવી રીતે તેમણે બધુ નક્કી કરી નાખ્યું. માવજી પટેલે એ વાતનો ઉલ્લેખ કર્યો કે, ભાજપ એક ટિકિટ હારે કે જીતે તેને કંઈ જ ફરક પડતો નથી. ભાજપ પાસે ૧૬૨ બેઠક છે એટલે વજન વધી ગયુ છે. ભાજપમાં કોઈ બોલવાવાળુ જ નથી. હું તો દરેક ધારાસભ્યને કહું છું કે આવો આગળ ને બોલો. કોઈ ઘરમાં વહુનું સાસુ, નણંદ, દેરાણી કે કોઈ ના સાંભળે તો ત્યારે વહુએ જાતે જ નિર્ણય લેવો પડે છે. એ જ રીતે મારુ પણ ભાજયમાં કોઈએ સાંભળ્યું નહી. આ કારણોસર તો અંતે મારે નાછૂટકે મેદાને ઉતારવું પડયું. આ તરફ ભાજપે મુખ્યમંત્રી સહિત ગૃહમંત્રી ઉપરાંત કેબિનેટ-રાજ્યકક્ષાના મંત્રીઓને ચૂંટણી મેદાને ઉતાર્યા છે. કોંગ્રેસ પણ ભાભરમાં પ્રદેશ નેતાઓની ઉપસ્થિતીમાં શક્તિ પ્રદર્શન કર્યું હતું. ગેનીબેન ઠાકોરે તો ગૃહમંત્રીને આડે હાથે લઈ કહ્યું કે, ગૃહમંત્રીને વાવ બેઠકની ભૂગોળની ય ખબર નથી. આમ, પ્રચાર પૂરજોશમાં ચાલી રહ્યો છે.

# અમરેલીનાં ચાડિયા ગામે સરોવરનું ભૂમિપૂજન કરતાં મુખ્યમંત્રી










મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે અમરેલી તાલુકાના ચાડિયા ગામે નવસર્જન પામનાર બાબુભાઈ આર. પેથાણી સરોવરનું ભૂમિપૂજન કર્યુ હતું. અમરેલીથી આશરે ૨૫ કિમી દૂર ચાડિયા ગામે માતૃભૂમિ વંદના મહોત્સવમાં સહભાગી થતા જનભાગીદારીથી નિર્મિત થનાર બાબુભાઈ આર. પેથાણી સરોવરનું શીલા પૂજન સાથે ખાતમુહૂર્ત કર્યુ હતું. અન્નપૂર્ણા ચેરિટેબલ ટ્રસ્ટ અમદાવાદ – ચાડિયા દ્વારા આયોજિત આ કાર્યક્રમમાં સંબોધતા મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે, અમરેલી જિલ્લાની વિવિધ સેવાકીય સંસ્થાઓની મુલાકાતનો ઉલ્લેખ કરતા કહ્યુ કે, અમરેલી જિલ્લાની વિવિધ સેવાકીય સંસ્થાઓએ ચરિતાર્થ કર્યુ છે કે સેવા કરવા માટે સત્તાની આવશ્યકતા નથી. સામાન્ય નાગરિકથી લઈ કોઈપણ સંસ્થાઓ પોતાના સેવા કાર્યો થકી રાષ્ટ્રની સેવા કરી શકે છે. સ્વભાવ અને સંસ્કાર સાથે સ્વચ્છતા વણાઈ જાય ત્યારે સેવા ભાવ દીપી ઊઠે છે. મુખ્યમંત્રીએ પાણીને ખૂબ સાચવી અને કાળજીપૂર્વક વાપરવાના સંદેશને યાદ કરીને પાણીની બુંદ–બુંદને બચાવવા અનુરોધ કર્યો હતો. તેમણે જણાવ્યું કે, દરેક જિલ્લામાં ૭૫ અમૃત સરોવર નિર્માણના પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના આહવાનને અમરેલી જિલ્લાએ ખૂબ સુપેરે ઝીલ્યું અને અમરેલી જિલ્લામાં ૯૯ જેટલા સરોવરનું નિર્માણ થયું છે. આ પ્રસંગે મુખ્યમંત્રીએ સ્વચ્છતા જાળવવી, વીજળી, પાણી અને પેટ્રોલ સહિતના સંસાધનોની બચત ઉપરાંત વૃક્ષારોપણ કરવું તે પણ દેશ સેવા છે. આ સાથે મુખ્યમંત્રીએ અવિરતપણે જનકલ્યાણના કાર્યો કરતા રહેવા માટે આહવાન કર્યુ હતું. મુખ્યમંત્રીએ જણાવ્યુ કે, ચાડિયા વિકસિત હોવાની સાથે સામાજિક સમરસતાનું પણ મોટું ઉદાહરણ છે. દરેક જ્ઞાતિ–જાતિના લોકોએ સાથે મળીને અહીં નવગ્રહોની પૂજા કરી છે જે ચાડિયાને ખરાં અર્થમાં આદર્શ ગામ બનાવે છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે અન્નપૂર્ણા ચેરિટેબલ ટ્રસ્ટ અમદાવાદ–ચાડિયાની સેવાકીય પ્રવૃત્તિઓને બિરદાવી હતી. અન્નપૂર્ણા ચેરિટેબલ ટ્રસ્ટ અમદાવાદ–ચાડિયાના ટ્રસ્ટી હસમુખભાઈ ગઢીયાને સેવાકીય પ્રવૃત્તિઓ માટે અભિનંદન આપ્યા હતા. મુખ્યમંત્રીના આગમનને ચાડિયાના ગ્રામજનોએ પરંપરાગત રીતે ઢોલ–નગારા સાથે ઉત્સાહભેર વધાવી ધામધૂમથી સ્વાગત કર્યુ હતું. મુખ્યમંત્રીએ ચાડિયાના સ્વામિનારાયણ મંદિર ખાતે શ્રીફળ વધેરી ભાવપૂર્વક દર્શન કર્યા હતા. આ પ્રસંગે મુખ્યમંત્રીના હસ્તે સરોવર નિર્માણમાં યોગદાન આપનાર દાતા પરિવારોનું સન્માન કરવામાં આવ્યું હતું. અમરેલી હવેલીના દ્વારકેશબાવાશ્રીએ નૂતન વર્ષની શુભકામના પાઠવતા જણાવ્યું હતું કે, માતૃભૂમિ પ્રત્યે પ્રેમ અને સદભાવનાના ગુણો વંદનીય છે. અન્નપૂર્ણા ટ્રસ્ટ દ્વારા માતૃભૂમિનું ઋણ અદા કરવામાં આવ્યું તે સરાહનીય છે. અન્નપૂર્ણા ટ્રસ્ટના સેવાકીય પ્રવૃત્તિઓને બિરદાવતા વડોદરા કલ્યાણરાયજી હવેલીના ગોસ્વામીશ્રી દ્વારકેશલાલજીએ કહ્યુ કે, જેમ આહાર દ્વારા શરીરની ભૂખ તૃપ્ત થાય છે તેમ ધર્મ અને સમાજ કલ્યાણની ભાવનાથી આત્મા તૃપ્ત થાય છે જેનું ઉત્કૃષ્ટ ઉદાહરણ આ ટ્રસ્ટ દ્વારા થતી સેવાકીય પ્રવૃત્તિઓ થકી પૂરૂ પાડવામાં આવ્યું છે. જામનગરના ખીજડા મંદિરના મહંત કૃષ્ણમણી મહારાજએ ઉપસ્થિત સર્વેને નૂતન વર્ષની શુભેચ્છાઓ સાથે આશીર્વચન પાઠવ્યા હતા. અન્નપૂર્ણા ચેરિટેબલ ટ્રસ્ટ અમદાવાદ–ચાડિયાની રજૂઆતના પરિણામે ચાડિયા ગામે હયાત તળાવ નવસર્જન પામશે, સાથે આ તળાવની જળ સંગ્રહ શક્તિમાં ૧૧ કરોડ લિટરનો વધારો થશે. અન્નપૂર્ણા ચેરિટેબલ ટ્રસ્ટના ટ્રસ્ટીઓ દ્વારા મુખ્યમંત્રીને મેમેન્ટો અર્પણ કરી તેમનું અભિવાદન કરવામાં આવ્યું હતું. આ સાથે ગ્રામ પંચાયત–ચાડિયા, ગ્રામ વિકાસ મંડળ ચાડિયા સેવા સહકારી મંડળી, ભોજલરામ મંડળી, ગરબી મંડળ દ્વારા મુખ્યમંત્રીને શાલ ઓઢાડી અને સ્મૃતિચિન્હ અર્પણ કરીને બહુમાન કરવામાં આવ્યું હતું. રાજકોટ શહેર પૂર્વ મેયર અને મ્યુનિસિપલ ફાયનાન્સ બોર્ડના પૂર્વ ચેરમેન અને ચાડિયા ગામના વતની ધનસુખભાઈ ભંડેરીએ શાબ્દિક સ્વાગત કર્યુ હતુ. આ પ્રસંગે રાજકોટના સાંસદ પરસોત્તમભાઈ રૂપાલા, અમરેલીના સાંસદ ભરતભાઈ સુતરીયા, ઈફકોના ચેરમેન દિલીપભાઈ સંઘાણી, નાયબ મુખ્ય દંડક અને અમરેલી–વડીયા–કુંકાવાવના ધારાસભ્ય કૌશિકભાઈ વેકરિયા, ધારાસભ્ય સર્વ મહેશભાઈ કસવાળા, જે.વી. કાકડિયા, જનકભાઈ તળાવીયા, કંચનબેન રાદડિયા, અમર ડેરીના ચેરમેન અનિભાઈ સાવલિયા, તરવડાના કૃષ્ણપ્રિય સ્વામીજી, પ્રીતમલાલજી મહારાજ, અન્નપૂર્ણા ચેરિટેબલ ટ્રસ્ટના પ્રમુખ હસમુખભાઈ ગઢીયા, ટ્રસ્ટીઓ ધીરૂભાઈ ભંડેરી, ધનસુખભાઈ ભંડેરી, અનિભાઈ પેથાણી, કાળુભાઈ ગઢીયા, બાબુભાઈ ભંડેરી તથા બહોળી સંખ્યામાં ગ્રામજનો અને દાતાઓ ઉપસ્થિત રહ્યા હતા.

## પાના ૮ ઉપરનું ચાલું ''રાજમહેલ''નું નવિનીકરણ શરૂ

ઈમારતના નવીનીકરણના કાર્યનો પ્રારંભ કરવામાં આવ્યો છે.

અત્રે નોંધનીય છે કે, વડોદરાના મહારાજા ગાયકવાડના સમયના સમયમાં બનાવવામાં આવેલ આ મહેલ ૧૩૨ વર્ષ જૂનો છે. સન ૧૮૯૨માં તેનું બાંધકામ કરવામાં આવ્યું હતું. એ જમાનામાં આ રાજમહેલમાં બે માળની આ ઈમારતમાં એક માળની સરેરાશ ઊંચાઈ આશરે ૧૦થી ૧૨ મીટર જેટલી રાખવામાં આવેલ છે.

રજવાડી કાળમાં આ રાજમહેલમાં 'લોક–દરબાર' ભરાતો હતો અને લોકોને ન્યાય આપવાની કામગીરી થતી હતી. દેશ આઝાદ થયા પછી સન ૧૯૪૮થી લઈને આ ઈમારતમાં જિલ્લા સેવા સદન એટલે કે જિલ્લા કલેકટર કચેરી, જિલ્લા ન્યાયાલય, સહિતની સરકારી કચેરીઓ કાર્યરત હતી.

આ રાજમહેલની ઈમારતના પ્રાંગણમાં મહારાજા સયાજીરાવ ત્રીજા સર શ્રીમંત ગોપાલરાવ ગાયકવાડની કાંસ્યની પ્રતિમા મૂકવામાં આવી છે. અમરેલીના ભવ્ય ઐતિહાસિક વારસાના પુનઃ સ્થાપનના હેતુસર ગુજરાત પ્રવાસન નિગમ લિમિટેડ દ્વારા 'અમરેલી શહેરમાં આવેલા રાજમહેલના સંરક્ષણ અને વિકાસની કામગીરી' શરૂ કરવામાં આવી છે.

આ પ્રોજેકટ માટે રાજય સરકારે રૂા. ૨૫.૦૦ કરોડની મંજૂરી આપી છે. નવીનીકરણ બાદ અમરેલીનો આ ભવ્ય વારસો નવજીવન પામશે. આ ઈમારતનું નવીનીકરણ પણ વિશેષ રીતે કરવામાં આવશે. ઈમારતમાં અંદર તથા બહારના ભાગમાં ડ્રાય–કલીનીંગ, છતનું વોટર–પ્રૂફીંગ, ચૂનાના પથ્થરના ઉપયોગથી હયાત ઈમારતનું મજબૂતીકરણ, પ્લાસ્ટરની મદદથી હયાત ઈમારતનું રિપેરીંગ, ઈમારતના રાત્રિ સુશોભન માટે લાઈટીંગ, લાકડાની છત, હેરિટેજ હોટેલમાં તબદીલ, પાર્કિંગની સુવિધા, ગાર્ડન એરિયા, હેરિટેજ લાકડાની સીડીનું રિપેરિંગ, લાકડાના બારી–દરવાજા, ઝરૂખાના રિપેરીંગની કામગીરીનો સમાવેશ થાય છે. આ ઈમારતના નવીનીકરણમાં સિમેન્ટના બદલે ડોલોમાઈટ, ચિરોડી, મેથી, અડદ દાળ, ચૂનો, પથ્થરનો ભૂકો, સુરખી પાવડર, ગુંદ, શંખજીરૂ, લીમસીડ એસિડ, ગોળ વગેરેનો ઉપયોગ થશે.

આ ઐતિહાસક રાજમહેલના નવીનીકરણ કાર્ય હાલ પુરજોશમાં ચાલી રહયું છે. ત્યારે આ નવીનીકરણ કાર્યમાં મોટી સંખ્યામાં શ્રમિકો કામ કરી રહયા હોય તેમની સલામતી માટે તથા આ રાજમહેલ પાસે આવેલ જિલ્લા સેવાસદન, કલેકટર કચેરી, જિલ્લા ન્યાયાલય, આયોજન કચેરી, ટ્રેજરી કચેરી, શહેર પોલીસ સ્ટેશન સહિતની કચેરીઓ પણ ધમધમતી હોય. ત્યારે અકસ્માતની ઘટના ના બને તે માટે પુરતા પ્રમાણમાં પગલાંઓ પણ ભરવામાં આવેલ છે.

## પાના ૧ ઉપરનું ચાલું અમરેલી જિલ્લામાં સિંહદર્શન માટે

સહિતનો લ્હાવો લઈ ખુશ ખુશાલ જોવા મળી રહ્યા હતાં.

આ અંગે ધારી ગીર પુર્વેના ડી.સી.એફ. રાજદીપસિંહ ઝાલાએ જણાવ્યું હતું કે, આંબરડી સફારી પાર્કમાં નવા વર્ષના પ્રારંભને લઈ એક અઠવાડિયા સુધીમાં પ્રવાસીઓની ભારે ભીડ જામતી હોય છે. આ આંબરડી સફારી પાર્ક લગભગ ૩૬૫ એકર વિસ્તારમાં પથરાયેલ છે. અહીં કાંટાળું વનસ્પતિ તથા ઘાસીયા વનસ્પતિ, નાની ટેકરીઓવાળું જંગલ બનેલું છે. અહીં સેલ્ફી પોઈન્ટ અને અતિ આકર્ષણનું કેન્દ્ર દુનિયામાં માત્ર અહીં આંબરડી સફારી પાર્કમાં એક ભગત અને શૈલની નામનું સિંહ યુગલ વસે છે. સાથે ચિંકારા, ચિતલ, નીલગાય, જંગલી બિલાડી જેવા પ્રાણીઓ તથા પ્રવાસી પક્ષીઓ તથા સ્થાનિક પક્ષીઓ પણ આંબરડી સફારી પાર્કમાં આકર્ષણનું કેન્દ્ર બન્યા છે. આ ઉપરાંત અહીં સિંહબાળ સાથેનું સૌથી વિશાળ સ્ટેચ્યુ પણ મુકવામાં આવ્યું છે જે સફારી પાર્કમાં આકર્ષણનું કેન્દ્ર છે. અહીં દૂર દૂરથી લોકો સ્ટેચ્યુ જોવા માટે આવી રહ્યા છે અને તેમની સાથે સેલ્ફી લઈ રહ્યા છે.

ધારી ગીર પૂર્વ વનવિભાગ દ્વારા વન વિભાગના અધિકારીઓ તથા કર્મચારીઓને સૂચનાઓ આપવામાં આવી છે દિવાળીની રજા તથા વેકેશન માટે અહીં આંબરડી સફારી પાર્કમાં આવતા પર્યટકોને કોઈ મુશ્કેલી ન સર્જાયતે માટે વિશેષ તકેદારી રાખવામાં આવી રહી છે. ગુજરાત રાજયના અલગ અલગ જિલ્લા માંથી અને અન્ય રાજયોમાંથી લોકો અહીં સિંહો સહિત વન્યપ્રાણી જોવા આજથી ભારે ભીડ જોવા મળી રહી છે.

## પાના ૮ ઉપરનું ચાલું બગસરામાં પ્રેમ પ્રકરણનાં લીધે

વિગત એવા પ્રકારની છે કે, જયદીપભાઈ જૈનુભાઈ વાળા નામનાં યુવકની પત્ની સાથે આ કામનાં આરોપી સંજયભાઈ વાળાને પ્રેમ સંબધ હોવાથી જયદીપભાઈ વાળાની પત્ની રિસામણે હોવાથી આ બાબતનું મનદુઃખ રાખીને આરોપી સંજયભાઈ વાળા અને અન્ય એક ઈસમ જયદીપભાઈ વાંકે જયદીપભાઈની બંને ઈસમોએ છરી ઝીંકીને હત્યા કરતાં સ્થાનિક પોલીસે આરોપીઓને ઝડપવા ચક્રો ગતિમાન કરેલ છે.

## અવસાન નોંધ

**બાબરા :** રાજુભાઈ મથુરભાઈ જસાણીના દીકરા હિમાંશુ (ઉ.વ. ૨૯) નું દુઃખદ અવસાન તા. ૪/૧૧/૨૦૨૪ ને સોમવાર નાં રોજ થયેલ છે.

તેમનું ઉઠમણું તારીખ ૭/૧૧/૨૦૨૪ ને ગુરૂવારનાં રોજ ૪:૦૦ થી ૫:૦૦ શ્રી લોહાણા મહાજન વાડી બાબરા ખાતે રાખેલ છે તેમજ મોસાળ પક્ષની સાદડી સાથે રાખેલ છે.

## જાહેર નોટિસ

**બાબરાનાં મહે.પ્રિન્સિપાલ સિવિલ જજ સાહેબશ્રીની કોર્ટમાં, મુ.બાબરા, જિ.અમરેલી.**

રે.દી.મુ.નં. ૫૯/૨૦૨૪

**મુદત તારીખ : ૨૯/૧૧/૨૦૨૪**

| | |
|---|---|
| રાજીવ રંજન ઝા,<br>બ્રાન્ચ મેનેજર, બેન્ક ઓફ બરોડા – બાબરા બ્રાન્ચ,<br>રહે. બાબરા, તા. બાબરા, જિ.અમરેલી. | વાદી |
| :: વિરૂધ્ધ :: | |
| (૧) અંજુમબેન સમીરભાઈ ગોગદા<br>(૨) સમીરભાઈ ઉષ્માનભાઈ ગોગદા<br>બન્ને રહે. મફત પ્લોટ વિસ્તાર, મોતી બાગ પાસે, મુ. અમરાપરા, તા.બાબરા, જિ.અમરેલી. | પ્રતિવાદી |

આથી તમો પ્રતિવાદી સામે આ અદાલત દ્વારા કોર્ટથી સમન્સ બજાવવા મોકલેલ પરંતુ સમન્સ બજતી ન હોય વાદીએ બહોળી પ્રસિધ્ધિ ધરાવતાં દૈનિક વર્તમાનપત્રમાં જાહેર પ્રસિધ્ધિ કરવા અરજી આપેલ હોય અને વાદીનાં જણાવ્યાં મુજબ તમારૂં ઉપરોકત સરનામું ખરૂં છે.

આથી તમો પ્રતિવાદીને આ નોટિસથી ખબર આપવામાં આવે છે કે, વાદીએ દાવા અરજી રજુ કરેલ હોય અને તેનાં માટે તમોને સાંભળવા જરૂરી હોય, તમોએ સદર કામે અત્રેની પ્રિન્સિપાલ સિવિલ કોર્ટ, બાબરા ખાતે મુદત તારીખ : ૨૯/૧૧/૨૦૨૪ નાં રોજ સવારનાં ૧૦:૩૦ કલાકે બિનચૂક હાજર રહેશો.

અને તમને આ ઉપરથી સુચના આપવામાં આવે છે કે જો ઉપર જણાવેલ દિવસે તમો હાજર નહી રહો તો તમારી ગેરહાજરીમાં યોગ્ય તે ન્યાયિક હુકમ કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજરોજ **તારીખ ૨૩ મી માહે ઓકટોબર સને ૨૦૨૪** ના રોજ, મારી સહી તથા કોર્ટનો સિકકો કરી આપ્યા.

| તૈયાર કરનાર | સિક્કો | મુકાબલ કરનાર | હુકમથી |
|---|---|---|---|
| (જે.પી. મકવાણા)<br>આસીસ્ટન્ટ | | (કે.ડી.સોમાણી)<br>સુપ્રિન્ટેન્ડેન્ટ | (આર.જે. જોષી)<br>રજીસ્ટ્રાર<br>પ્રિન્સીપાલ સિવિલ કોર્ટ<br>બાબરા |

## જાહેર નોટિસ

**બાબરાનાં મહે.પ્રિન્સિપાલ સિવિલ જજ સાહેબશ્રીની કોર્ટમાં, મુ.બાબરા, જિ.અમરેલી.**

રે.દી.મુ.નં. ૬૦/૨૦૨૪

**મુદત તારીખ : ૨૯/૧૧/૨૦૨૪**

| | |
|---|---|
| રાજીવ રંજન ઝા,<br>બ્રાન્ચ મેનેજર, બેન્ક ઓફ બરોડા – બાબરા બ્રાન્ચ,<br>રહે. બાબરા, તા. બાબરા, જિ.અમરેલી. | વાદી |
| :: વિરૂધ્ધ :: | |
| રાજુભાઈ ભગવાનભાઈ વાઘેલા<br>રહે. શ્રવણ શેરી, મુ. અમરાપરા, તા.બાબરા, જિ.અમરેલી. | પ્રતિવાદી |

આથી તમો પ્રતિવાદી સામે આ અદાલત દ્વારા કોર્ટથી સમન્સ બજાવવા મોકલેલ પરંતુ સમન્સ બજતી ન હોય વાદીએ બહોળી પ્રસિધ્ધિ ધરાવતાં દૈનિક વર્તમાનપત્રમાં જાહેર પ્રસિધ્ધિ કરવા અરજી આપેલ હોય અને વાદીનાં જણાવ્યાં મુજબ તમારૂં ઉપરોકત સરનામું ખરૂં છે.

આથી તમો પ્રતિવાદીને આ નોટિસથી ખબર આપવામાં આવે છે કે, વાદીએ દાવા અરજી રજુ કરેલ હોય અને તેનાં માટે તમોને સાંભળવા જરૂરી હોય, તમોએ સદર કામે અત્રેની પ્રિન્સિપાલ સિવિલ કોર્ટ, બાબરા ખાતે મુદત તારીખ : ૨૯/૧૧/૨૦૨૪ નાં રોજ સવારનાં ૧૦:૩૦ કલાકે બિનચૂક હાજર રહેશો.

અને તમને આ ઉપરથી સુચના આપવામાં આવે છે કે જો ઉપર જણાવેલ દિવસે તમો હાજર નહી રહો તો તમારી ગેરહાજરીમાં યોગ્ય તે ન્યાયિક હુકમ કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજરોજ **તારીખ ૨૩ મી માહે ઓકટોબર સને ૨૦૨૪** ના રોજ, મારી સહી તથા કોર્ટનો સિકકો કરી આપ્યા.

| તૈયાર કરનાર | સિક્કો | મુકાબલ કરનાર | હુકમથી |
|---|---|---|---|
| (જે.પી. મકવાણા)<br>આસીસ્ટન્ટ | | (કે.ડી.સોમાણી)<br>સુપ્રિન્ટેન્ડેન્ટ | (આર.જે. જોષી)<br>રજીસ્ટ્રાર<br>પ્રિન્સીપાલ સિવિલ કોર્ટ<br>બાબરા |

## જાહેર નોટિસ

**અમરેલીના મહે.પ્રિન્સીપાલ ડીસ્ટ્રીકટ જજ સાહેબની કોર્ટમાં, રૂમ નં.૧૦૧**

**મુકામ : અમરેલી.**

દિવાની પરચૂરણ અરજ નં.૨૬/૨૦૨૪.
મુદત તા.૨૬/૧૧/૨૦૨૪.
અરજદાર તરફે એડવોકેટ શ્રી યુ.બી.માધડ

**અરજદાર :** રાદડીયા અલ્પેશભાઈ પરષોતમભાઈ
ઉ.વ.૩૭, ધંધો – ખેતી,
રહે.રાયપર, તા.બાબરા, જિ.અમરેલી.

// વિરૂધ્ધ //

**સામાવાળા :** ———

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટિસ આપી જણાવવામાં આવે છે કે, આ કામના અરજદારે અત્રેની અદાલતમાં ગાર્ડીયન એન્ડ વોર્ડઝ એકટની કલમ–૭ તથા ૧૦ અન્વયે અરજદારની સગીર પુત્રી શ્રેયા જયરાજભાઈ રાદડીયા ઉ.વ.૧૫ તથા સગીર પુત્રી રિધ્ધી જયરાજભાઈ રાદડીયા, ઉ.વ.૧૦ તથા સિધ્ધી જયરાજભાઈ રાદડીયા, ઉ.વ.૧૦ ના અરજદાર સાથે રહેતા હોય અને ઉપરોકત ત્રણેય સગીરો અરજદારના સ્વ. મોટાભાઈ તથા સ્વ. ભાભીનાં પુત્રીઓ અને અરજદારની ભત્રીજીઓ હોય અને સગીરોના પિતા દ્વારા લીધેલ જીવન વિમા પોલીસીની રકમ બેંકમાં સગીરો વતી સહી કરી ખાતા ખોલાવવા તથા સગીરોના ખાતે રકમ મેળવી સગીરોના હિતમાં ઉપયોગ કરવા, સગીરોના વાલી તરીકે અરજદારની નિમણુંક કરવા માટે અત્રેની કોર્ટમાં હાલની આ દિવાની પરચુરણ અરજ કરેલ છે.

આમ, આ અરજી મુજબ જણાવેલ વિગતની સામે કોઈને પણ વાંધો તકરાર હોય, તેઓએ તેમના આધાર પુરાવા સાથે **મુ.તા.૨૬/૧૧/૨૦૨૪** ના રોજ અત્રેની કોર્ટમાં ૧૦–૪૫ કલાકે હાજર રહેવુ. જો તેમ કરવામાં કસુર થશે તો નામ.કોર્ટ આગળનો યોગ્ય અને ન્યાયી હુકમ કરશે જેની લાગતા વળગતા સર્વેએ નોંધ લેવી.

આજ તા.૦૪ થી, માહે નવેમ્બર, સને–૨૦૨૪ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યા.

| તૈયાર કરનાર | સિક્કો | મુકાબલ કરનાર | હુકમથી, |
|---|---|---|---|
| (એચ.ડી.વસાવડા)<br>સીની.કલાર્ક (સીવીલ)<br>પ્રિન્સીપાલ ડિસ્ટ્રીકટ કોર્ટ,<br>અમરેલી | | (પી.ડી.દિક્ષીત)<br>હેડ કલાર્ક (સીવીલ)<br>પ્રિન્સીપાલ ડિસ્ટ્રીકટ કોર્ટ,<br>અમરેલી | (પી.ડી.દિક્ષીત)<br>હેડ કલાર્ક (સીવીલ)<br>પ્રિન્સીપાલ ડિસ્ટ્રીકટ કોર્ટ,<br>અમરેલી |

## જાત્રોડા ગ્રામ પંચાયત
## ગૌચર જમીન અંગે જાહેર ચેતવણી

આથી જાહેર જનતાને આ નોટિસથી જાણ કરવામાં આવે છે કે, જાત્રોડા ગ્રામ પંચાયતની હદમાં ગામથી પશ્ચિમે ગૌચર માટે ૧૧૨૭ વીઘા જમીન અનામત રાખેલી છે અને ગામનાં નકશામાં પણ આ જમીન બેસાડવામાં આવી છે. જે જમીન ગાયોનાં ચરીયાણ માટે અનામત છે. આ જમીનમાં કોઈએ પણ ગેરકાયદેસર દબાણ, અથવા ખોદકામ કરવું નહિ. જેની આ જાહેર નોટિસથી જાહેર કરવામાં આવે છે કે તેમ છતાં જો કોઈ પણ વ્યકિત દ્વારા ગેરકાયદેસર દબાણ, અથવા ખોદકામ કરવામાં આવેશે તો તેમની વિરૂદ્ધ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. જેની સ્પષ્ટ નોંધ સર્વેએ લેવા વિનંતી

તા.૦૧/૧૧/૨૦૨૪
ગામ : જાત્રોડા, તા. લીલીયા મોટા, જિ. અમરેલી

**જાનુબેન રેવાભાઈ જોગરાણા (સરપંચશ્રી)**
શ્રી જાત્રોડા ગ્રામ પંચાયત
મુ.જાત્રોડા, તા.લીલીયા મોટા, જિ.અમરેલી

# સાવરકુંડલા : મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે માનવ મંદિર ખાતે મનો દિવ્યાંગ બાળકોની લીધી મુલાકાત






રાજયના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલે અમરેલી જિલ્લાના સાવરકુંડલા સ્થિત માનવ મંદિર સંસ્થાના હરિના બાળ એવા મનો દિવ્યાંગ બાળકો સાથે મુલાકાત કરી હતી. માનવ મંદિર ખાતે સંસ્થાના મોભી એવા ભક્તિરામ બાપુએ શાલ ઓઢાડીને તથા ટ્રસ્ટી સર્વઓએ મુખ્યમંત્રીનું પુષ્પગુચ્છ દ્વારા ઉષ્માસભર સ્વાગત કર્યુ હતું તથા મેમોન્ટો અર્પણ કર્યો હતો. મુખ્યમંત્રીએ સંસ્થાની ઉમદા પ્રવૃત્તિઓ વિશેનો ચિતાર મેળવ્યો હતો. મનો દિવ્યાંગ દીકરી અંશુ ગુપ્તાએ મુખ્યમંત્રીને પુષ્પગુચ્છ અર્પણ કરી ઉત્સાહભેર અભિવાદન કરી અહોભાવ વ્યકત કર્યો હતો. ઉલ્લેખનીય છે કે, માનવ મંદિર સંસ્થા છેલ્લા ૧૨ વર્ષથી મનો દિવ્યાંગ દીકરીઓ માટે સેવા યજ્ઞ કરી રહી છે. હાલમાં સંસ્થા ખાતે ૫૬ દીકરીઓ નિવાસ કરી રહી છે. જેને આરોગ્ય, રહેણાંક, ભોજન સહિત તમામ સુવિધાઓ સંસ્થા દ્વારા આપવામાં આવે છે. સંસ્થા ખાતે બાળાઓ માટે મનોચિકિત્સક ડો. વિવેક જોશી દ્વારા સેવા આપવામાં આવે છે. આ તકે કાવેરી ગોળના નાસિરભાઈ ટાંક, કલામ ઈનોવેટિવ સ્કુલના જયભાઈ કાથરોટીયાને મુખ્યમંત્રીના હસ્તે હાવર્ડ બુક ઓફ લંડનનો રેકોર્ડ તેમજ ઈન્ટરનેશનલ બુક ઓફ રેકોર્ડ દ્વારા આપવામાં આવેલ પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા હતા. નાસિરભાઈ ટાંકને હાવર્ડ બુક ઓફ લંડન દ્વારા ગોળમાંથી ૧૨ થી વધુ કુદરતી ઉત્પાદનો બનાવવા બદલ તેમજ જયભાઈ કાથરોટીયાને ૭ અનાથ ગરીબ બાળકોને પ્લેનમાં બેસાડી ૧,૨૦૦ ફૂટ ઊંચાઈ પર કેક કાપી બાળકોને ઉજવણી કરાવવા બદલ ઈન્ટરનેશનલ બુક ઓફ રેકોર્ડ દ્વારા પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા છે. આ મુલાકાતમાં મનસુખભાઈ વસોયા, ધીરજભાઈ સોરઠિયા, દીનકરરાય ગોંડલિયા, નિરૂભા સરવૈયા, રમેશભાઈ મુંગરા, ભૂરાભાઈ વાળા, લાલજીભાઈ રાંક, લાખાભાઈ વેકરિયા, કનુભાઈ ધાખડા તથા સંસ્થાની દિકરીઓ અને કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

# સાવરકુંડલા : સ્વામી નિર્દોષાનંદજી સત્સંગ આશ્રમ ખાતે મહારક્તદાન કેમ્પ યોજાયો






સાવરકુંડલા શહેરના મહુવા રોડ ખાતે આવેલ સુપ્રસિધ્ધ સ્વામી નિર્દોષાનંદજી સત્સંગ આશ્રમ ખાતે ટીંબી ખાતે આવેલ નિઃશુલ્ક નિર્દોષાનંદજી હોસ્પિટલનાં દર્દી નારાયણનાં લાભાર્થે મહા રકતદાન કેમ્પ યોજાયો હતો માનવ સેવાયજ્ઞમાં પોતાની પવિત્ર રક્તરૂપી આહુતિ પ્રદાન કરવા માટે યુવા અને સશક્ત ભાઈઓ બહેનોઅને આશ્રમનાં સત્સંગીઓદ્વારા ૨૦૦ બોટલ રક્તદાન કર્યું હતું. સાવરકુંડલા સત્સંગ આશ્રમ ખાતે વિનામૂલ્યે ચાલતી ટીંબી હોસ્પિટલનાં દર્દીનારાયણનાં લાભાર્થે પૂજયપાદ સ્વામીભોલાનંદસરસ્વતીજીમહારાજની પ્રેરણાથી તેમજ તેઓનાં સાન્નિધ્યમાં સ્વામી નિર્દોષાનંદ સરસ્વતીજી સત્સંગ મંડળ સાવરકુંડલા તથા લાયન્સ ક્લબ સાવરકુંડલાનાં મહવપૂર્ણ સહયોગથી મહારક્તદાન કેમ્પનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ૨૦૦ યુવા ભાઈઓબહેનોદ્વારાબ્લડડોનેટ કર્યુંહતું તમામરક્તદાતાઓમાટેભોજનપ્રસાદની વ્યવસ્થા તેમજ આશ્રમ પરિવાર અને લાયન્સ કલબ દ્વારા તમામ ૨૦૦ રક્તદાતાઓને આકર્ષક ગિફ્ટ પ્રદાન કરવામાં આવી હતી આ મહારકતદાન કેમ્પનું દીપ પ્રાગટ્ય પરમ પૂજય ભોલાનંદ સરસ્વીજી મહારાજ, સાવરકુંડલા લીલીયાના ધારાસભ્ય મહેશભાઈ કસવાળા, નગરપાલિકા પ્રમુખ મેહુલભાઈ ત્રિવેદી, ઉપપ્રમુખ પ્રતીકભાઈ નાકરાણી, માર્કટીંગ યાર્ડ ચેરમેન દીપકભાઈ માલાણી, તાલુકા વિકાસ અધિકારી જીજ્ઞેશભાઈ વાઘાણી અનેલાયન્સક્લબનામેમ્બરોદ્વારા કરીને કેમ્પને ખુલ્લો મુકવામાંઆવ્યો હતો આતકે લાયન્સક્લબમાંથીદેવચંદભાઈ કપોપરા, કરશનભાઈ ડોબરીયા, ટીબીહોસ્પિટલનાં ટ્રસ્ટીબી.એલ.રાજપરા,ભાવનગરડિસ્ટ્રીક બેંકના ચેરમેન રસિકભાઈ ભીંગરાડિયા વગેરે સભ્યો, આશ્રમના ટ્રસ્ટીઓ અશોકભાઈ કથીરિયા, એમ.એમ.પરમાર વગેરે ટ્રસ્ટીઓ, સત્સંગીઓ, ધર્મપ્રેમી ભાઈઓ બહેનો અનેરક્તદાતાઓ ઉપસ્થિત રહ્યાહતા તેમ આશ્રમ સેવક અમીતગીરી ગોસ્વામીની યાદી જણાવેલ.

## ગુજરાત કાઠી ક્ષત્રિય સમાજ સંગઠન દ્વારા રજૂઆત
# ગુજરાત ખેત જમીન ટોચ મર્યાદા ધારો ૧૯૭૨ ૧૯૭૬ રદ કરવા માંગ
### રાજયનાં મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલને પત્ર પાઠવ્યો

રાજકોટ, તા. ૬

ગુજરાત રાજય કાઠી ક્ષત્રિય સમાજનાં આગેવાનો સત્યજીતકુમાર ખાચર, જયરાજભાઈ વિકમા અને એમ.ડી. માંજરીયાએ મુખ્યમંત્રીને પત્ર પાઠવેલ છે.

પત્રમાં જણાવેલ છે કે ગુજરાત રાજયમાં હાલ ખેત જમીન ટોચ મર્યાદા ધારો ૧૯૭૨–૧૯૭૬ અમલમાં છે.

આ કાયદમાં મોટા ભાગની જમીન ટોચ મર્યાદામાં રાજા રજવાડાઓ નાના મોટા ગિરાસદારો તથા અન્ય અમારા સમાજનાં જમીનદારોની વીડી તથા ખેતીની જમીન સંપાદન થાય છે, અને હજુ પણ આ કાયદા હેઠળ ઘણા કેસો અસર તળ ચાલે છે.

આ ઉપરાંત અમારા સમાજના ધાર્મિક સ્થળોની મંદિરોની વગેરેની કે, જે નિર્વાહ તથા ઘાસચારા માટે અગાઉ રાજા રજવાડાઓ ગિરાસદારો તથા અમારા સમાજના અન્ય ખાતેદારઓએ હજારો એકર જમીન દાનમાં આપેલ છે, આ જમીન ઉપર ખેત જમીન ટોચ મર્યાદા લાગુ કરી ટોચ ક્ષેત્ર થી વધુ જમીન હોઈ તેને ફાજલ કરેલી છે,આવો કિસ્સો તાજેતરમાં સુરેન્દ્રનગર જીલ્લાના ચોટીલા તાલુકાના નવા સુરજદેવળને (મંદિરને) નિર્વાહ, પશુઓના ઘાસચારા માટે, વીડની જમીન થગા ખેતીની જમીન દાનમાં આપેલ છે, તેને મામલતદાર ચોટીલાએ આ કાયદા હેઠળ ફાજલ જાહેર કરેલ છે, આવા કિસ્સાઓ ઘણા છે, તો રાજા રજવાડાઓએ ગિરાસદરોએ, એકમ વખતે રાજા રજવાડાઓ, અખંડ ભારત વખતે માન. સરદાર વલ્લભભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને સોપી દીધેલ છે.

તેઓને પણ નિર્વાહ માટે કોઈ આ કાયદમાં વધારાની જમીન આપવાની ઉકત રાજા રજવાડાઓ / ગિરાસદારો વિગેરેને કોઈ જમીન આપવા પાત્ર આપેલ નથી. તેમજ અગાઉ આ કાયદા હેઠળ ફાજલ થયેલ જમીન કે, જે જમીનનો કબજો સરકારએ લઈ લીધેલ છે, તેવી જમીન હાલમાં કોઈને ફાળવેલ ન હોય, અને ખુલ્લી હોય, તેવી જમીન અસર કરતાઓને કાયદો રદ કરતી વખતે ધ્યાનમાં લઈ, તેઓને તેવી જમીન પરત સોપવી.જેથી ઉકત રજૂઆત ધ્યાને લઈ, જેમ ભારત ભરમાં માન. પૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયી શહેરી જમીન ટોચ મર્યાદા કાયદો ૧૯૭૬ સમગ્ર ભારતમાંથી રદ કર્યો તેમ ગુજરાતનો ખેત જમીન ટોચ મર્યાદા કાયદો–૧૯૭૨ તથા ૧૯૭૬નો કાયદો તાત્કાલિક અસરથી રદ કરવા જરૂરી છે.વધુમાં જણાવેલ છે કે, આ કાયદો ગુજરાત સરકાર દ્વારા અમલમાં લાવેલ હોય, જેથી આ કાયદો રદ કરવાની સત્તા પણ અમી જાણ મુજબ ગુજરાત સરકારની છે, જેથી ગુજરાતનો ખેત જમીન ટોચ મર્યાદા કાયદો– ૧૯૭૨ તથા ૧૯૭૬નો કાયદો તાત્કાલિક અસર થી રદ કરવો.

## પ્રદેશ યુથ કોંગ્રેસ નિર્મળ વાટલિયાનુ નિવેદન
# સાવરકુંડલામાં પ્રાથમિક સુવિધાઓનો અભાવ અને રિવરફ્રન્ટનાં નામે તાયફો કરાયો
### શિક્ષણ, આરોગ્ય, માર્ગોની સુવિધામાં વધારો કરવો જરૂરી

સાવરકુંડલા, તા. ૬

સાવરકુંડલામાં રૂપિયા ૨૫ કરોડના ખર્ચે બની રહેલ રિવર ફ્રન્ટનું ભૂમિ પુજન થયુ જે સાવરકુંડલાના ઈન્ફ્રા સ્ટ્રકચર માટે આવકારદાયક છે. પરંતુ આજે વિસ્તાર અનેક પાયાગત સુવિધાથી વંચીત છે. વિસ્તારમાં આધુનિક સુવિધાથી સજજ હોસ્પિટલની ઉણપ છે. વિસ્તારની પ્રજાને એમ.આર.આઈ.કે સીટી સ્કેન માટે પણ દુરના શહેરોમાં જવા મજબુર થયા છે. વિસ્તારના યુવાનોને ઉચ્ચ શિક્ષણ જેમ કે વાણિજય, ઈજનેરી અને મેડિકલ માટે મોટા શહેરો તરફ પલાયન કરવું પડી રહ્યું છે. સ્થાનિક રોજગારની સુવિધાના અભાવે યુવાનોએ રોજગાર માટે મોટા શહેરોમાં પલાયન કરી રહ્યા છે. પરિણામે ગામડાંઓ ખાલી થઈ રહ્યા છે. ઉપરાંત સિંચાઈના પાણી, વીજળી વગેરે જેવી પાયાગત સુવિધાથી વિસ્તાર વંચીત રહ્યો છે. તો સૌ પ્રથમ આ સુવિધાને ઉભી કરવામાં આવે તેમ નિર્મળ વાટલિયાએ જણાવેલ છે.

## સ્વ. પ્રતાપભાઈ વરૂ, સ્વ ભરતભાઈ ધાધલનુ નિધન થતા
# ગુજરાત રાજય કાઠી ક્ષત્રિય સમાજ સંગઠનના નવા હોદ્દેદારોની વરણી
### સત્યજીતકુમાર સાહેબને પ્રમુખની જવાબદારી

રાજકોટ, તા. ૬

શ્રી ગુજરાત કાઠી ક્ષત્રીય સમાજ સંગઠનનાં તાજેતરમાં મળેલ બેઠકમાં સંગઠનના પ્રમુખ તરીકે હ. શ્રી સત્યજીતકુમાર સાહેબ જસદણની પ્રમુખ તરીકે અને ઉપપ્રમુખ પદે જયરાજભાઈ અને સેક્રેટરી તરીકે એમ.ડી. માંજરીયાની વરણી કરવામાં આવી છે.

## સાવરકુંડલા ખાતે આવેલ ઉદારતા ચેરીટેબલ ટ્રસ્ટની સેવાકીય પ્રવૃત્તિઓ



સાવરકુંડલા, તા. ૩૧

આમ તો છેલ્લાં ઘણાં સમયથી ઉદારતા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સાવરકુંડલાના હાથસણી રોડ પર આવેલ છેવાડાના વિસ્તારોમાં રહેતાં ગરીબ લોકોના બાળકોને શિક્ષિત કરવાનો પ્રયાસ કરતાં જોવા મળે છે. આ ઉપરાંત વાર તહેવાર દરમિયાન દાતા દ્વારા આ બાળકોને મીઠાઈ, ફટાકડા કે કપડાનું પણ વિનામૂલ્યે વિતરણ કરવામાં આવે છે. હાલ દિવાળી જેવું મહાપર્વ હોય આવા ગરીબ વર્ગના બાળકોને આ ટ્રસ્ટ દ્વારા દાતાના સહયોગથી નવા વસ્ત્રો ખરીદી આપવાનો નમ્ર પ્રયાસ કરવામાં આવી રહ્યો છે ત્યારે ૫૦૦૦ નાં બ્રાન્ડેડ કપડાં પહેરીને ને જે ખુશી કદાચ આપણને મળતી હશે એ કરતાં પણ વધુ ખુશી બાળકોને આજે આ સંસ્થા દ્વારા આવા ગરીબ બાળકોને ૫૦૦ની જોડીમાં આપી શકાઈ છે. આ તમામ સેવાકીય કાર્ય દાતાના સહયોગથી થઈ શકે. આપ પણ આવા ગરીબ બાળકોની દિવાળીની ખુશીમાં ભાગીદાર બની તેમને યાદગાર બનાવવા ઈચ્છો તો તેમજ આવા બાળકોનાં જીવનને સુધારવા કોઈ પણ જાતની મદદ કરવા ઈચ્છતા હોય તો આ નંબર ૯૪૯૯૭ ૫૫૨૪૧ પર ફોન કરી અને યથાશક્તિ સહયોગ આપી શકો છો.

# બાબરા :પાલિકાનાં પુર્વ પ્રમુખ લલિતભાઈ આંબલીયાનાં ભાભીનુ નિધન થયું



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૬

બાબરા શહેર ભાજપ ના પૂર્વ પ્રમુખ નગરપાલિકા પૂર્વ પ્રમુખ લલિતભાઈ આંબલિયાના ભાભી રતનબેન ડાયાભાઈ આંબલિયા નું અવસાન થયા ઘેરા શોકની લાગણી પ્રસરી ગઈ હતી.

સદ્‌ગતની સ્મશાન યાત્રામાં પાટીદાર સમાજ તેમજ સ્થાનિક રાજકીય અને સામાજિક અગ્રણીઓ અને મિત્ર સર્કલ સગા સબધીઓ મોટી સંખ્યામાં જોડાયા અને સદગત ને શ્રધ્ધાસુમન અર્પણ કરી આંબલિયા પરિવાર ને સાંત્વના પાઠવી હતી.

સદ્‌ગત રતનબેન ડાયાભાઈ આંબલિયામાં બેસણાંમાં પૂર્વ કેન્દ્રીય કૃષિમંત્રી પુરષોત્તમ ભાઈ રૂપાલા, દિલીપભાઈ સંઘાણી, સાંસદ ભરતભાઈ સુતરિયા,ધારાસભ્ય જનકભાઈ તળાવીયા, જિલ્લા ભાજપ મહામંત્રી ભુપેન્દ્રભાઈ બસિયા, નગરપાલિકાપ્રમુખપ્રવીણભાઈ કરકર સહિતનાજિલ્લાઅનેતાલુકાનારાજકીય અગ્રણીઓ વેપારીઓ તેમજ સ્થાનિક અગ્રણીઓદ્વારાશ્રધ્ધાસુમનઅર્પણકરી લલિતભાઈ આંબલિયા પરિવારને સાંત્વના પાઠવી હતી.

# બાબરામાં શ્રી તાપડીયા આશ્રમ પૂજય ઘનશ્યામદાસ બાપુની નિશ્રામાં શ્રી રામચરિત માનસ કથાનો પ્રારંભ



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૬, બાબરા માં શ્રી તાપડીયા આશ્રમ ખાતે પૂજય મહંત શ્રી ઘનશ્યામદાસ બાપુ ની નિશ્રામાં શ્રી રામ ચરિત માનસ કથાનો ભવ્ય અને દિવ્ય પ્રારંભ થયો છે અહીં અમરાંપરા ખાતે મોટા રામજી મંદિર થી ભવ્ય પોથીયાત્રા નીકળી હતી જેમાં પૂજય ઘનશ્યામદાસ બાપુ, પૂજય પદુબાપુ સહિતના સાધુ– સંતો તેમજ ધારાસભ્ય જનકભાઈ તળાવીયા, જિલ્લા ભાજપ મહામંત્રી ભુપેન્દ્રભાઈ બસિયા, નગરપાલિકાપ્રમુખપ્રવીણભાઈ કરકર, શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ ખોખરીયા, નાગરિક બેંકના ચેરમેન હસુભાઈ પોપટ, અજિતભાઈ ખોખરીયા સહિતના રાજીકીય અને સામાજીક અગ્રણીઅનેમોટીસંખ્યામાંભાવિકોજોડાયા હતા.શ્રીરામકથાનાવ્યાસપીઠેહીરાણાંવાળા પૂજય ગોપાલદાસ બાપુ (છોટે મોરારી) બિરાજી કથાનું રસપાન કરાવી રહ્યા છે તા ૪/૧૧/ થી ૧૨/૧૧ સુધી આયોજીય ભગવાન શ્રી રામ ની દિવ્ય કથામાં વિવિધ ધાર્મિક પ્રસંગોની ભવ્ય ઉજવણી કરવામાં આવશે તેમજ રાત્રિ ના ધૂન ભજન અને સંતવાણીનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છ અહીં દરોજ કથા દરમિયાન ભજન ભોજન અને ભક્તિનો અનોખો ત્રિવેણી સંગમ સર્જાયો છે હોય કથામાં મોટી સંખ્યામાં ભાવિકોએ મહાપ્રસાદ નો લાભ મેળવી રહ્યા છે તાપડીયા આશ્રમ ના મહંત પૂજય ઘનશ્યામદાસ બાપુ દ્વારા બાબરા શહેર અને તાલુકા ની ધર્મપ્રેમી જનતા ને કથા તેમજ મહાપ્રસાદ નો લાભ લેવા જાહેર અનુરોધ કરવામાં આવ્યો છે.

## આગામી ૧૩ નવેમ્બરનાં રોજ
# ચલાલામાં ગાયત્રી પરિવાર દ્વારા નેત્રયજ્ઞ, દંતયજ્ઞ તથા સર્વરોગ કેમ્પ યોજાશે
### જરૂરિયાતમંદોને લાભ લેવા અનુરોધ થયો

ચલાલા, તા. ૬

ચલાલા – વિવિધ સેવાકીય કાર્યો કરનાર ચલાલાનો યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ ગાયત્રી સંસ્કાર કેન્દ્ર, ધારી રોડ ચલાલા ખાતે આગામી તા. ૧૩/૧૧/૨૪ બુધવારના રોજ ૨૭૨ મો નેત્રયજ્ઞ, દંતયજ્ઞ, સર્વરોગ કેમ્પનુ આયોજન કરેલ છે. રણછોડદાસજી બાપુ ચેરીટેબલ હોસ્પિટલ, જીલ્લા અંધત્વ નિવારણ સમિતિના ઉપક્રમે યોજાનાર આ કેમ્પમાં નિષ્ણાંત ડોકટરોની ટીમ સેવા આપશે.

પી. એમ. – ૨ ના આર્થિક સહયોગથી યોજનાર આ કેમ્પમાં દર્દીઓની તપાસ કરી દવા આપવામાં આવશે અને ઓપરેશનની જરૂરીયાતવાળા દર્દીને રણછોડદાસજી બાપુ ચેરીટેબલ હોસ્પિટલ ખાતે લઈ જઈ ફેકોમશીન દ્વારા ઓપરેશન કરી વિનામૂલ્યે નેત્રમણી મૂકી અદ્યતન સારવાર અને દવા આપવામાં આવશે અને સાથે દર્દીઓએ આધારકાર્ડની ઝેરોક્ષ નકલ સાથે લાવવી.

દંતયજ્ઞમાં દાતના તમામ રોગો જેવા કે દાત કાઢવા ચાંદી પૂરવી વગેરેની સારવાર વિનામૂલ્યે કરવામાં આવશે.

સર્વરોગ કેમ્પમાં તમામ તમામ પ્રકારના રોગો જેવા કે શ્વાસ, હરસ, મસા, ડાયાબીટીશ, પેટના રોગો, વાના રોગો, વગેરેની સારવાર કરી દવા પણ વિનામુલ્યે આપવામાં આવશે.

ઉપકરોત સ્થળે દર મહિનાના બીજા બુધવારે નેત્રયજ્ઞ, દંતયજ્ઞ તથા સર્વરોગ કેમ્પ યોજાય છે. કેમ્પમાં ઉપકરોત તમામ સારવાર વિનામૂલ્યે મળશે તો ચલાલા અને આજુબાજુના ગામોમાંથી વધુમાં વધુ લોકો લાભલે તેવું સંસ્થાના વડા પૂ.ડો.રતીદાદાની એક યાદીમાં જણાવાયું છે.

# સાવરકુંડલા ખાતે સાંસદ અને ધારાસભ્યની ઉપસ્થિતિમાં ભાજપનું સ્નેહમિલન યોજાયુ






દીપાવલી નું પર્વ એટલે અંધકાર માંથી આશા , ઉમ્મીદ અને અપેક્ષાઓના સેતુને નૂતન વર્ષના નવા વર્ષે સાવરકુંડલા લીલીયા વિધાનસભા બેઠક ભાજપ કાર્યકર્તાઓ માટે સવિશેષ યોજવામાં આવેલ હતું જેમાં અમરેલીના સાંસદ ભરત સુતરીયા અને ધારાસભ્ય મહેશ કસવાલાના અધ્યક્ષ સ્થાને યોજવામાં આવેલ હતું ને નવા વર્ષે નવી કેડી કંડારવાની પ્રણાલિકા અનુરૂપ સાંસદ ભરત સુતરીયા અને ધારાસભ્ય મહેશ કસવાળાએ ભાજપના નાના કાર્યકર્તા તરીકે રાજકીય કારકિર્દીની શરૂઆત કરીને આજે ધારાસભ્ય અને સાંસદ ની સફર ખેડી હોય ત્યારે કાર્યકર્તાઓ જ પક્ષની સાચી ઓળખ અને દિશા હોવાનું ધારાસભ્ય મહેશ કશવાલા એ જણાવ્યું હતું ને આજે નૂતન વર્ષના નવા વર્ષે દરેક કાર્યકર્તાઓ દેશના વિકાસમાં સહભાગી થઈને પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના હાથ મજબૂત થાય તે અંગે ખંત, નિષ્ઠા, અને કાર્યદક્ષતાથી કામ કરે તેવી અભિલાષાઓ વિકસિત ભારત ના સારથી તરીકે કરતા કાર્યકર્તાઓને જોમ જુસ્સો ભાજપના નેતાઓએ ભર્યો હતો ને એક એક ભાજપનો કાર્યકર્તાઓ દેશની સેવામાં સહભાગી થતો હોવાની વાત ભાજપના નેતાઓએ જણાવી હતી ત્યારે સાવરકુંડલા અને લીલીયા વિધાનસભા બેઠક ના કાર્યકર્તાઓ સાથે કાર્યકર નૂતન વર્ષનો અવસર સાંસદ ભરત સુતરીયા અને ધારાસભ્ય મહેશ કસવાળાએ ખરા અર્થમાં સાર્થક સાબિત કર્યો હતો આ નૂતન વર્ષના અવસર પર ધારાસભ્ય મહેશ કસવાલા આયોજિત નૂતન વર્ષના નવલા દિવસે સાંસદ ભરત સુતરીયાની અધ્યક્ષતામાં સાવરકુંડલા શહેર ભાજપ પ્રમુખ પ્રવીણભાઈ સાવજ, તાલુકા ભાજપ પ્રમુખ જીવનભાઈ વેકરીયા ,લીલીયા તાલુકા ભાજપના પ્રમુખ ભનુભાઈ ડાભી, નગરપાલિકા પ્રમુખ મેહુલભાઈ ત્રિવેદી, તાલુકા પંચાયત પ્રમુખ જીતુભાઈ કાછડીયા, વડીલ દકુકાકા કસવાલા, માર્કેટિંગ યાર્ડના ચેરમેન દીપકભાઈ માલાણી, જીલ્લા ભાજપના હોદ્દેદારો, જિલ્લા પંચાયતના સદસ્યો, નગરપાલિકા સદસ્યો, વિધાન સભાના સાવરકુંડલા શહેર, તાલુકા તેમજ લીલીયા તાલુકાના કાર્યકર્તા મિત્રો ઉપસ્થિત રહ્યા હતા તેમ ભાજપની યાદીમા જણાવાયુ હતુ.

દર ગુરૂવારે સાંજે માણો
કેન્ડલ લાઈટ ડીનર
Avadh
Family Restaurant & Banquet Hall

Near Ram Enterprise, Market Yard Road, Amreli 82385 66066

## રૂપિયા ૨૫ કરોડનાં ખર્ચે જિલ્લાનાં ગૌરવને નવો રંગ–રૂપ અપાશે

# ભૈ વાહ : અમરેલીનાં ગૌરવસમા ''રાજમહેલ''નું નવિનીકરણ શરૂ

**૧૩૨ વર્ષ પહેલા નિર્માણ પામેલ ''રાજમહેલ''ને આગામી બે વર્ષમાં પુન: ભભકાદાર બનાવી દેવાશે**

**આગામી વર્ષોમાં જાહેર જનતા રાજમહેલમાં પ્રવેશ કરીને વિવિધ લાભ મેળવી શકશે**

**મીડિયાનાં અહેવાલો અને રાજકીય આગેવાનોની રજૂઆતથી રાજમહેલનું શરૂ થયુ નવિનીકરણ**

**બાંધકામ એજન્સી દ્વારા પુરતી જાળવણી સાથે રાજમહેલ નવિનીકરણ શરૂ કરાયું**



અમરેલી, તા. ૬

અમરેલીખાતેઐતિહાસિક રાજમહેલ (પેલેસ ઓફ અમરેલી)ના પુન:નિર્માણકાર્યનુંખાતમુહૂર્તલગભગ દોઢ મહિના પહેલાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે કરવામાં આવેલ હતું. ગાયકવાડી કાળની આ ઐતિહાસિક ઈમારતનું આશરે રૂ. ૨૫ કરોડના ખર્ચે પરંપરાગતપદ્ધતિથીતથાઅતિજર્જરીત થયેલારાજમહેલમાંજાનમાલનુંનુકસાન ના થાય તે પ્રકારની તમામ સલામતીનાં પગલાં લીધા બાદ નવીનીકરણનું કાર્ય કરવામાં આવી રહયું છે.

અમરેલી શહેરની મધ્યમાં આવેલોઆઐતિહાસિકરાજમહેલહાલ જર્જરિતસ્થિતિમાંછે. ત્યારે, 'વારસાના વિકાસ'નેવેગઆપવાઆરાજમહેલની

અનુસંધાન પાના ૬ ઉપર




**માતા-પિતા મગફળી કાઢતા હોય તે સમયે બાળક હડફેટે આવ્યો**

## ખાંભાનાં મોટા બારમણ ગામે ટ્રેકટરની ટ્રોલી અથડાવતા ૨ વર્ષનાં બાળકનું મોત

**સ્થાનિક પોલીસે ટ્રેકટર ચાલક વિરૂધ્ધ ફરિયાદ નોંધી**

અમરેલી, તા. ૬

મુળમહારાષ્ટ્રનાવતનીઅને હાલ ખાંભા તાલુકાના મોટા બારમણ ગામે રહેતા કૈલાશભાઈ સુતુમભાઈ પાડવી નામના ૩૨ વર્ષિય યુવક તથા તેમની પત્નિ તા. ૫ ના રોજ સવારે ૧૦:૩૦ વાગ્યે તે જ ગામે રહેતા દેવશીભાઈ ભાણાભાઈ બારૈયાની વાડી/ખેતરે ઓપનેરમાં મગફળી કાઢતા હતાં. તે વખતે યુવકનો દિકરો કાર્તિક (ઉ.વ. ૨) તે જ વાડી/ખેતરના પડામાં રમતો હતો. તે વખતે આરોપી દેવશીભાઈ ભાણાભાઈ બારૈયાએ તેમના હવાલાવાળું ટ્રેકટર નં. જી.જે.–૧૪ એમ–૨૫૩૨ નું પુરઝડપે અનેગફલતભરીરીતેચલાવીતેટ્રેકટરની પાછળ જોડેલ ટ્રોલી નં. જી.જે.–૧૪ ટી–૭૭૩૦નેપડામાંમાંડવીનાપાથરા ભરવાજતાહતાં. તેવખતેયુવકનાદિકરા કાર્તિકસાથે તે ટ્રેકટરની ટ્રોલી ભટકાવી તેનું પાછળનું ટાયર બે વર્ષના કાર્તિકને માથાના ભાગે ફરી વાળતા ગંભીર ઈજાઓ કરી મોત નિપજાવી દીધાની ફરિયાદખાંભાપોલીસમાંનોંધાઈ છે.

**શાપર ગામ જવાનાં પુલ નજીક ૨ ઈસમો તૂટી પડયા**

## બગસરામાં પ્રેમ પ્રકરણનાં લીધે છરીનાં ઘા ઝીંકી યુવાનની કરપીણ હત્યા

**સ્થાનિક પોલીસે ગુન્હો નોંધી તપાસ શરૂ કરી**



તસ્વીર : સમીર વિરાણી–બગસરા

અમરેલી, તા. ૬

બગસરાનાં શાપર ગામ જવાના માર્ગ ઉપર એક યુવકની ૨ ઈસમોએ છરી વડે હુમલો કરી હત્યાનો બનાવબનતા ચકચાર મચી છે.

અનુસંધાન પાના ૬ ઉપર

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
70,150/-
(૧૦ ગ્રામ)
રહેલ તા. ૦૬/૧૧/૨૦૨૪ ના રોજ
હોલમાર્ક દાગીનાનો લાઈવ ભાવ જાણવા માટે મિસકોલ કરો
95558 11166
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

હોસ્પિટલ માટે સ્ટાફ જોઇએ છે
રિસેપ્સનિસ્ટ
કમ્પ્યુટર તેમજ ૧૨ પાસ
પગાર ધોરણ :
૭,૫૦૦/- થી ૮,૫૦૦/-
ઈન્ટરવ્યુ માટે રૂબરૂ મળવું, ફોન કરવો નહીં
નારી
વુમન્સ & ચિલ્ડ્રન્સ હોસ્પિટલ & એન્ડોસ્કોપી સેન્ટર
જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.

અમરેલી શહેરમાં ઓપીડી

ડો. રાજેન્દ્ર ત્રિવેદીનો ૩૯ વર્ષોનો ન્યુરો સ્પાઇન ક્ષેત્રે અનુભવ તથા ડો. પુનિત ત્રિવેદીના આધુનિક મેડિકલ સાયન્સનો ડબલ જનરેશન એડવાન્ટેજ
ડૉ.પુનિત ત્રિવેદી
MS DNB (Neurosurgery)
ફેલો ઈન એપિલેપ્સી, બ્રેઈન એન્ડોસ્કોપી એન્ડ સ્કલ બેઇઝ સર્જરી, મગજ, મણકા અને કરોડરજ્જુના નિષ્ણાંત સર્જન
• માથાની ઇજા
• બ્રેઈન હેમરેજ
• ટ્રાઈજેમીનલ ન્યુરાલ્જીયા
• પક્ષઘાત (સ્ટ્રોક)
• એપિલેપ્સીની સારવાર તથા સર્જરી
• મગજ કે કરોડરજ્જુની ગાંઠ
• પિચ્યુટરીની ગાંઠ
• માથાનો દુ:ખાવો (માઇગ્રેન)
• મગજમાં પાણીનો ભરાવો (હાઇડ્રોસેફેલસ)
• મગજની નસમાં મોરલી (એન્યુરીઝમ)
• મણકા અને કરોડરજ્જુની નસની તકલીફો
તારીખ : ૦૮-૧૧-૨૦૨૪ (શુક્રવાર)
એપોઈન્ટમેન્ટ માટે : ૯૮૭૯૩૧૮૦૮૮
સમય : સવારે ૧૧:૦૦ થી બપોરે ૦૧:૦૦ સુધી.
સ્થળ : નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ મલ્ટી સ્પેશિયાલીટી હોસ્પિટલ (ગોળ હોસ્પિટલ) અમરેલી
તપાસ ફી ૬૦૦/-
રાજ સુપર-સ્પેશ્યાલિટી હોસ્પિટલ
The skill to heal, spirit to care
ICU DEPARTMENT 24×7 આપની સેવામાં ઉપલબ્ધ ટ્રોમા સેન્ટર
વધુ માહિતી માટે : ૯૮૭૯૩૧૮૦૮૮
ડો. યાજ્ઞિક રોડ, માલવિયા ચોક પાસે, રાજકોટ -૧. ૯૨૨૭૮૯૯૬૦૬, ૮૦૦૦૩૫૭૩૬૮

LG Life's Good.


CELEBRATION OFFERS
FIXED EMI ₹999/-* onword
0% DOWN PAYMENT
10% CASHBACK
LG BEST SHOP
મુકુંદરાય એન્ડ બ્રધર્સ
કારકેર સેન્ટર સામે, ચકકરગઢ રોડ, અમરેલી
મો.99747 72377

*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)